વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ તેરસ ● તારીખ : ૨૩ જાન્યુઆરી ૨૦૨૪, મંગળવાર ● વર્ષ : ૧૫ ● અંક : ૧૭૩ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ ● અમદાવાદ ● કિંમત : રૂા. ૨.૦૦ ● પાના : ૮



## પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ બાદ વડાપ્રધાને ઉપવાસ તોડ્યા

અયોધ્યામાં બનેલા ભવ્યાતિભવ્ય રામ મંદિરની પ્રાણ- પ્રતિષ્ઠા વડાપ્રધાન મોદીના હસ્તે કરવામાં આવી હતી. આજે સોમવારે બપોરે ૧૨ કલાક ૨૯ મિનિટ પર અભિજીત મુહૂર્તમાં અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થઈ ગઈ. પીએમ મોદી પણ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પહેલા ૧૧ દિવસનું અનુષ્ઠાન કર્યુ હતું. આ અનુષ્ઠાન દરમિયાન તેમણે 'યમ નિયમ' ચુસ્તપણે પાલન કર્યું હતું. આ દરમિયાન શું રહી પીએમ મોદીની દિનચર્યા. અભિજીત મુહૂર્તમાં અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થયા પછી પીએમ મોદીએ રામલલ્લાને દંડવત કરી પ્રણામ કર્યા બાદ રામલલ્લાના મુખ્ય પૂજારી નૃત્ય ગોપાલ દાસના ચરણ સ્પર્શ કર્યા. વડાપ્રધાન મોદીએ પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ દરમિયાન રામ લલ્લાની પૂજા-વિધી કરીને ચાંદીનું છત્ર અર્પણ કર્યું હતું.

### અયોધ્યામાં રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ

# હવે રામલલા ટેન્ટમાં નહીં દિવ્ય મંદિરમાં રહેશે : પીએમ મોદી

### આ એક નવા કાળચક્રની શરૂઆત છે, મોદીએ તપસ્યામાં કંઈક ખામી રહી હોવાનું કહી ભગવાન રામની માફી માગી

। અયોધ્યા, તા.૨૨ ।

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં બનેલા દિવ્ય અને ભવ્ય રામ મંદિરમાં પ્રભુ શ્રી રામના બાળ સ્વરુપ રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજ્યપાલ આનંદીબેન પટેલ અને આરએસએસના વડા મોહન ભાગવતની ઉપસ્થિતિમાં અનુષ્ઠાન પૂર્ણ થયું. આ તમામ યજમાનોએ રામલલાની આરતી ઉતારી હતી. તો બીજી તરફ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જે મહેમાનોને આમંત્રણ મોકલાયું છે તેમાંના અનેક રાજકીય નેતાઓ, ફિલ્મ જગતના સિતારા અને રમતગમત જગતની અનેક હસ્તીઓ અયોધ્યામાં હજાર છે. અહીં કાર્યક્રમમાં દિગ્ગજો નિવેદન આપી રહ્યા છે. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં વડાપ્રધાન મોદીએ સંબોધન કર્યું છે. તેમણે પોતાના સંબોધનની શરૂઆત સીયાવર રામચંદ્ર કી જય..ના નારા સાથે શરૂ કરી. તેમણે કહ્યું કે, 'અહીં ઉપસ્થિતિ, વિશ્વના ખૂણે ખૂણેથી જોડાયેલા રામભક્તોને પ્રણામ અને રામ રામ. 'આજ હમારે રામ આ ગયે હે'. સદીઓની પ્રતિક્ષા બાદ આપણા રામ આવી ગયા છે. સદીઓનું અભૂતપૂર્વ ધૈર્ય અને



બલિદાન અને ત્યાગ-તપસ્યા બાદ આપણા રામ આવી ગયા છે. આ શુભ ઘડીની સમગ્ર દેશવાસીઓને ખુબ ખુબ શુભેચ્છા. આપણા રામલલા હવે ટેન્ટમાં નહીં રહે. આપણા રામલલા હવે દિવ્ય મંદિરમાં રહેશે. ૨૨ જાન્યુઆરી એક તારીખ નથી, આ એક નવા કાળચક્રની શરૂઆત છે' હું આજે પ્રભુ રામ પાસે ક્ષમા માંગું છું. આપણી તપસ્યામાં કંઈક તો ખામી રહી ગઈ હશે કે આપણે આટલા વર્ષો સુધી આ કાર્ય કરી ન શક્યા. મને વિશ્વાસ છે પ્રભુ રામ આપણને ક્ષમા કરશે. પ્રાણ પ્રતિષ્ઠા બાદ સંબોધન કરતા મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે, ભારતના તમામ શહેર, તમામ ગામ અયોધ્યા ધામ છે. તમામ માર્ગ શ્રીરામ જન્મભૂમિ તરફ આવી રહ્યા છે. તમામ જીભ રામ-રામ જપી રહી છે. આખુ રાષ્ટ્ર રામમય છે. એવું લાગે છે, આપણે ત્રેતા યુગમાં આવી ગયા છીએ. રામ મંદિર બનાવવા માટે સંતો, સન્યાસીઓ, પૂજારીઓ, નાગાઓ, નિહંગો, બુદ્ધિજીવીઓ, રાજનેતાઓ તમામ સમાજના લોકોએ ખુદને સમર્પિત કર્યા. મંદિર વહીં બના હે, જહાં કા સંકલ્પ લિયા થા. અયોધ્યામાં બનેલા દિવ્ય અને ભવ્ય રામ મંદિરમાં પ્રભુ શ્રી રામના બાળ સ્વરુપ રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે. રામ મંદિરના ગર્ભગૃહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા વિધિમાં ભાગ લીધો હતો. અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા માટે પૂજા-અર્ચના કરી હતી. તેમની સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવત, રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હાજર રહ્યા.

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



## પ્રાણ પ્રતિષ્ઠા બાદ ભગવાન રામના ચરણોમાં વડાપ્રધાન મોદીએ દંડવત્ત પ્રણામ કર્યા

અયોધ્યામાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ગઈ છે. ત્યારે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રામ ભગવાનની પૂજા કરી હતી. તેમની સાથે રાષ્ટ્રીય સંઘના સચીવ મોહન ભાગવાત, તેમજ યુપી મુખ્યમંત્રી આદિત્યનાથ જોવા મળ્યા હતા. પૂજા વિધિ બાદ પીએમ મોદીએ ભગવાન રામની પહેલી આરતી કરીને ભગવાનના વધામણા કર્યા હતા. દેશ અને દુનિયાના રામ ભક્તોની ઈચ્છા આખરે પૂરી થઈ છે. રામલલ્લા અયોધ્યામાં રામ મંદિર ગયા છે. આ સાથે ૫૦૦ વર્ષની લાંબી રાહનો અંત આવ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલ, સીએમ યોગી આદિત્યનાથ, આરએસએસના વડા મોહન ભાગવત અને તમામ સંતો અને ઋષિઓની હાજરીમાં રામલલાના જીવનને પવિત્ર કરવામાં આવ્યું હતું. પ્રાણ પ્રતિષ્ઠા બાદ રામલલાની આરતી થઈ. આ સાથે રામ ભક્તોનું સપનું સાકાર થયું છે. દેશમાં જ નહીં પરંતુ વિશ્વના ખૂણે ખૂણે વસતા રામ ભક્તો ઉજવણી કરી રહ્યા છે. કેટલીક જગ્યાએ રેલીઓ કાઢવામાં આવી રહી છે તો કેટલીક જગ્યાએ રામ ભજન ગાવામાં આવી રહ્યા છે. કેટલીક જગ્યાએ આરતી-પૂજા થઈ રહી છે તો બીજી જગ્યાએ જય શ્રી રામના નારા લગાવવામાં આવી રહ્યા છે.

### અયોધ્યા રામમય, વડાપ્રધાન સહિત મોટી સંખ્યામાં મહાનુભાવોની ઉપસ્થિતિ

# જયશ્રી રામના જયઘોષ સાથે રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા

### વડાપ્રધાન મોદી, યોગી અને મોહન ભાગવતે પૂજા-અર્ચના કરી, ૮૪ સેકન્ડના ખૂબ ટૂંકા ગાળાના શુભ મુહૂર્તમાં મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ

। અયોધ્યા, તા.૨૨ ।

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં બનેલા દિવ્ય અને ભવ્ય રામ મંદિરમાં પ્રભુ શ્રી રામના બાળ સ્વરુપ રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ચૂકી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાજ્યપાલ આનંદીબેન પટેલ અને આરએસએસના વડા મોહન ભાગવતની ઉપસ્થિતિમાં અનુષ્ઠાન પૂર્ણ થયું. આ તમામ યજમાનોએ રામલલાની આરતી ઉતારી હતી. રામ મંદિરના ગર્ભગૃહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા વિધિમાં ભાગ લીધો હતો. અહીં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રાણ પ્રતિષ્ઠા માટે પૂજા-અર્ચના કરી હતી. તેમની સાથે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવત, રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હાજર રહ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક્સપર લખ્યું હતું કે, અયોધ્યા ધામમાં શ્રી રામ લલાની પ્રાણ પ્રતિષ્ઠાની અલૌકિક ક્ષણ સૌ કોઈને ભાવ-વિભોર કરનાર છે. આ દિવ્ય કાર્યક્રમનો ભાગ બનવું મારું પરમ સૌભાગ્ય છે. જય સિયારામ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી રામ મંદિર પરિસર પહોંચ્યા હતા.



રાજ્યપાલ આનંદીબહેન પટેલ અને મુખ્યમંત્રી યોગીએ તેમનું સ્વાગત કર્યું હતું. ૧૨:૩૦ વાગ્યે પ્રાણ પ્રતિષ્ઠાની પ્રક્રિયા શરૂ થઈ હતી. રામમંદિરના પ્રાંગણમાં બોલિવૂડ, ક્રિકેટ, રાજકારણ, ઉદ્યોગ એમ તમામ ક્ષેત્રના આમંત્રિત મહેમાનો પહોંચી ગયા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત સંત સમાજ અને વિશેષ અતિથિઓની હાજરીમાં રામલલાના શ્રીવિગ્રહની પ્રાણ પ્રતિષ્ઠાનું ઐતિહાસિક અનુષ્ઠાન આજે સંપન્ન થયું. અયોધ્યા નગરીને હજારો ક્વિંટલ ફૂલ અને લાઈટો વડે કોઈ દુલ્હનની જેમ શણગારાઈ હતી.

આજે અયોધ્યામાં નવનિર્મિત રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા માટે ૮૪ સેકન્ડનું ખૂબ જ ટૂંકા ગાળાનું શુભ મુહૂર્ત હતું, જેમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ. તેમાં કાશીના જ્યોતિષાચાર્ય પંડીત ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડે જે મુહૂર્તની પસંદગી કરાઈ હતી. આ શુભ મુહૂર્ત માત્ર ૮૪ સેકન્ડનું હશે જે ૧૨.૨૯ મિનિટ ૮ સેકન્ડથી ૧૨.૩૦ મિનિટ ૩૨ સેકન્ડનું જ હતું.

આ પ્રાણ પ્રતિષ્ઠામાં ૧૨૧ આચાર્યો હતા, જેમણે મહોત્સવની તમામ વિધિઓનું સંચાલન કર્યુ. વારાણસીના ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડ તમામ પ્રક્રિયાઓનું નિરીક્ષણ, સંકલન અને માર્ગદર્શન કર્યું અને કાશીના લક્ષ્મીકાંત દીક્ષિત મુખ્ય આચાર્ય હતા. આ ઉપરાંત પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, આરએસએસના સરસંઘચાલક મોહન ભાગવત, ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## કઠિન તપસ્યા કરી પરંતુ હવે તપ કરવાનો વારો આપણા બધાનો : મોહન ભાગવત

અયોધ્યાના રામ મંદિરમાં આજે રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી છે . આ સમારોહમાં હાજરી આપવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત પણ અયોધ્યા પહોંચ્યા હતા. તેમણે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું કે આજના આનંદને કોઈ વર્ણવી શકે તેમ નથી. રામલલા સાથે ભારતનો સ્વયમ પાછો ફર્યો છે. આજે નાના મંદિરોમાં રામ ભક્તોમાં ઉત્સાહની લહેર જોવા મળી રહી છે.આજે પીએમ મોદીએ કડક ઉપવાસ રાખ્યા છે. પીએમ મોદી તપસ્વી છે. પણ, તે એકલા તપ કરી રહ્યા છે. આ તપ સૌએ કરવું પડશે. મોહન ભગવાને કહ્યું કે અયોધ્યા એવી જગ્યા છે જ્યાં કોઈ સંઘર્ષ નથી. ભગવાન રામને ૧૪ વર્ષનો વનવાસ સહન કરવો પડ્યો હતો. સંસારમાં વિખવાદનો અંત લાવીને રામ અયોધ્યા પાછા ફર્યા. આજે રામલલ્લા ૫૦૦ વર્ષ પછી ફરી પાછા આવ્યા છે. મોહન ભાગવતે કહ્યું કે આપણે પણ તમામ મતભેદોને વિદાય આપવી પડશે. નાના-મોટા ઝઘડા થતા રહે છે, આપણે તેના પર લડવાની આદત છોડવી પડશે. મોહન ભગવાને કહ્યું કે અયોધ્યા એવી જગ્યા છે જ્યાં કોઈ સંઘર્ષ નથી. ભગવાન રામને ૧૪ વર્ષનો વનવાસ સહન કરવો પડ્યો હતો. પણ તે બહાર કેમ ગયો? તેનું કારણ અયોધ્યામાં વિવાદ હતો. સંસારમાં વિખવાદનો અંત લાવીને રામ અયોધ્યા પાછા ફર્યા. આજે રામલલા ૫૦૦ વર્ષ પછી ફરી પાછા આવ્યા છે. મોહન ભાગવતે કહ્યું કે આપ ણે પણ તમામ મતભેદોને વિદાય આપવી પડશે. નાના-મોટા ઝઘડા થતા રહે છે, આપણે તેના પર લડવાની આદત છોડવી પડશે. આખરે એ દિવસ આવી ગયો જેની દેશની જનતા સદીઓથી રાહ જોઈ રહી હતી. દાયકાઓની રાહ બાદ આજે અયોધ્યાના રામ મંદિરમાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવ્યો હતો.

## અયોધ્યામાં રામલલ્લાના દર્શન થતાં જ અયોધ્યાના અવકાશમાં થઈ પુષ્પ વર્ષા

અયોધ્યામાં ભગવાન શ્રી રામના દર્શન થતાં જ આકાશમાં પુષ્પ વર્ષા થઈ હતી. ભારતીય વાયુસેનાના વિમાનમાંથી આ પુષ્પ વર્ષા કરવામાં આવી હતી. ૧૨:૨૯ કલાકે પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ બાદ જેવા ભગવાનના દર્શન થયા કે તુરંત જ વાયુસેના દ્વારા આકાશમાં પુષ્પ વર્ષા કરવામાં આવી હતી. સાક્ષાત આકાશમાંથી દેવી-દેવતાઓ દ્વારા પુષ્પ વર્ષા કરવામાં આવી હોય તેવો અદભૂત નજારો અયોધ્યામાં જોવા મળ્યો હતો. જેની લગભગ ૫૦૦ વર્ષથી જેની રાહ જોવાઈ રહી હતી એ ઐતિહાસિક દિવસ આખરે આવી ગયો છે. આજે ભગવાન શ્રી રામ તેમની જન્મભૂમિ અયોધ્યામાં બિરાજમાન થયા છે. મંત્રોચ્ચાર સાથે રામલલ્લાના ગર્ભગૃહમાં બિરાજમાન થયા છે. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ બાદ ૧૨:૨૯ કલાકે ભગવાન શ્રીરામના બાળ સ્વરૂપના દર્શન થયા હતા. ભગવાન શ્રી રામના દર્શન થતાં જ આકાશમાં પુષ્પ વર્ષા થઈ હતી. અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ બાદ તમામ ભક્તોને ભગવાન શ્રી રામના ભવ્યાતિભવ્ય દર્શન થયા. મંદિરના ગર્ભગૃહમાં મુખ્ય યજમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવત, રાજ્યપાલ આનંદીબેન પટેલ હાજર રહ્યા હતા. પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ બાદ ૧૨:૨૯ કલાકે ભગવાન શ્રીરામના બાળ સ્વરૂપના દર્શન થયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અયોધ્યાના રામ મંદિરમાં રામલલ્લાના અભિષેકમાં ભાગ લેવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેના હાથમાં ખાસ થાળી હતી. PM મોદી છેલ્લા ૧૧ દિવસથી પ્રાણ પ્રતિષ્ઠા માટે અનુષ્ઠાન કર્યા છે. બીજી તરફ અયોધ્યામાં રામ મંદિરને સંપૂર્ણ રીતે સજાવવામાં આવ્યું છે. રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણ થઈ ગઈ છે. ગર્ભગૃહમાંથી પ્રથમ તસવીરો સામે આવી હતી.

## શાહરૂખથી લઈને દીપિકા સહિતને આમંત્રણ ન અપાયા

અયોધ્યામાં આજે રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ છે. આ સમારોહમાં સામેલ થવા માટે મોટી-મોટી હસ્તીઓ અયોધ્યા પહોંચી હતી. નેતાઓથી લઈને બોલીવૂડ સેલેબ્સ દરેક વ્યક્તિ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાની સાક્ષી બનવા ઈચ્છે છે. પરંતુ કેટલાંક બોલીવૂડ સ્ટાર્સ એવા છે જેમને આ સમારોહમાં સામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. શાહરૂખ ખાનથી લઈને દીપિકા પાદુકોણ સુધી ઘણાં સેલેબ્સ એવા છે જેમને આમંત્રણ મળ્યું નથી. મળેલા અહેવાલો મુજબ શાહરૂખ ખાનને આમંત્રણ પાઠવવામાં આવ્યું ન હતું. આ આમંત્રણ કેમ મોકલવામાં આવ્યું ન હતું તેનું કારણ હજુ સુધી સામે આવ્યું નથી.

## અમિતાભ-અભિષેક રામ નામનો ખેસ પહેરીને પહોંચ્યા

જે દિવસની લોકો વર્ષોથી રાહ જોઈ રહ્યા હતા તે દિવસ આજે આવી ગયો છે. હિન્દુ સમાજના ૫૦૦ વર્ષોના આકરા તપ બાદ છેવટે સોમવાર ૨૨ જાન્યુઆરી એટલે કે આજના દિવસે ભગવાન રામની અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા થઈ છે જેને લઈને દેશ સહિત દુનિયાભરમાં ઉજવણીનો માહોલ છે. ત્યારે આજે સમગ્ર દેશ રામમય બની ગયો છે. અવધપુરીમાં ઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સમારોહમાં સામેલ થવા માટે અનેક હસતીઓ અયોધ્યા પહોંચી રહી છે અને કેટલાક અગાઉથી જ પહોંચી ગયા છે. નેતાઓથી લઈને બોલીવુડ સ્ટાર્સ સુધી દરેક લોકો રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના સાક્ષી બનવા માંગે છે.

## ફિલ્મ અભિનેત્રી કંગના રનૌત અયોધ્યા નગરી પહોંચી

રામ મંદિરના ભગવાન રામના પ્રાણ પ્રતિષ્ઠાના કાર્યક્રમમાં ભાગ લેવા ફિલ્મ અભિનેત્રી કંગના રનૌત અયોધ્યા નગરી પહોંચી છે. ત્યારે પ્રાણ પ્રતિષ્ઠાના આગલા દિવસે તેણે મંદિરમાં સફાઈ કરી હતી. કંગના રનૌતે કહ્યું, "જે લોકો અયોધ્યા ધામની મુલાકાત લે છે તેઓ ઘણું પુણ્ય કમાય છે. અમે ભાગ્યશાળી છીએ કે ભગવા ત્યાં આવીને દર્શન કરવાનો મોકો આપ્યો છે. આજે યોજાઈ રહેલા પ્રાણ પ્રતિષ્ઠાના સમયે અયોધ્યા મંદિર પર હેલિકોપ્ટરથી ફુલ વરસાવામાં આવી રહ્યા હતા તે સમયે કંગના રનૌતનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. રામલલ્લા સદીઓ પછી પોતાના ઘરે પરત ફરી રહ્યા છે. ત્યારે ભાવ વિભોર થઈને જ્યારે અયોધ્યા મંદિર પર પુષ્પવર્ષા કરવામાં આવી ત્યારે કંગના રામનામના લીન થઈને જય શ્રી રામ..જય શ્રી રામના નારા લગાવી રહી હતી અને હાથ ફેલાવી ભગવાનની ભક્તિમાં લીન દેખાઈ હતી. કંગનનો આ વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે જેમાં તમે જોઈ શકો છે રામનામમાં કંગના કેટલી ખુશ અને ઉત્સાહિત દેખાય રહી છે. અયોધ્યામાં હાજર રહેલી અભિનેત્રી કંગના રનૌતે કહ્યું કે અમારી પાસે આ દિવસનું વર્ણન કરવા માટે શબ્દો નથી.



મોદીએ અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું, દેશના વિવિધ ક્ષેત્રના મહાનુભવોની મહોત્સવમાં હાજરી.







# પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ માટે સાત હજારથી વધુ મહેમાનો હાજર



પીએમ નરેન્દ્ર મોદી આજે (૨૨ જાન્યુઆરી) અયોધ્યામાં રામ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું. ઉદ્‌ઘાટન પહેલા રામલલાના અભિષેક સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ વિશેષ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ભારત અને વિદેશમાંથી લગભગ ૭૧૪૦ હજાર મહેમાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર અનુસાર, તેમણે ૨૫૮ ન્યાયાધીશો, વકીલો અને કાનૂની નિષ્ણાતોને અભિષેક સમારોહ માટે આમંત્રણ આપ્યું હતું. આ ઉપરાંત ૩૦ વૈજ્ઞાનિકો, સંરક્ષણ બાબતો સાથે સંબંધિત ૪૪ અધિકારીઓ, ૧૫ કલાકારો, ૫૦ શિક્ષણવિદો, ૧૬ સાહિત્યકારો, ૯૩ રમતવીર, ૭ ડોક્ટરો, ૩૦ વહીવટી અધિકારીઓ, મીડિયા અને સોશિયલ મીડિયા સાથે સંકળાયેલા લગભગ ૧૬૪ લોકો, પુરાતત્વવિદો, ભારતના ૫ લોકો, ૮૮૦ ઉદ્યોગપતિ, ૪૫ આર્થિક નિષ્ણાતો, રાજકીય પક્ષોના ૪૮ નેતાઓ, સંઘ અને વીએચપી સાથે સંકળાયેલા ૧૦૬ નેતાઓ, શ્રી રામ જન્મભૂમિ ટ્રસ્ટ સાથે સંકળાયેલા ૧૫ લોકો, ૯૨ એનઆરઆઈ, ૪૫ રાજકીય કાર્યકરો, ૪૦૦ કાર્યકરો. તરફથી ૫૦ લોકોને આમંત્રણ મોકલવામાં આવ્યું છે. કાર સેવકો અને ૪૦૦૦ સાધુઓ અને મહાત્માઓના પરિવારો. તેમાંથી મોટાભાગના આજે ફંકશનમાં હાજર રહ્યા હતા. અભિષેક સમારોહમાં હાજરી આપવા માટે જે મોટી હસ્તીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે તેમાં અબજોપતિ મુકેશ અંબાણી અને તેમનો પરિવાર, રતન ટાટા, ગૌતમ અદાણી, અનિલ અગ્રવાલ, હિન્દુજા ગ્રુપના અશોક હિન્દુજા, અઝીમ પ્રેમજી, નુસ્લી વાડિયા, ટોરેન્ટ ગ્રુપના સુધીર મહેતા, જીએમઆર રાવનો સમાવેશ થાય છે. જીએમઆર ગ્રુપ, નિરંજન હિરાનંદાની, કુમાર મંગલમ બિરલા, અજય પીરામલ અને આનંદ મહિન્દ્રા. અમિતાભ બચ્ચન, રજનીકાંત, હેમા માલિની, માધુરી દીક્ષિત, કંગના રનૌત, આશા ભોસલે, અરુણ ગોવિલ, નીતિશ ભારદ્વાજ, મધુર ભંડારકર, પ્રસૂન જોશી, આલિયા ભટ્ટ અને રણબીર કપૂરને પણ કાર્યક્રમ માટે આમંત્રણ આપવામાં હતા. આ સિવાય સચિન તેંડુલકર, વિરાટ કોહલી, હરભજન સિંહ અને અનિલ કુંબલે જેવા ક્રિકેટરો પણ હાજર રહ્યા હતા. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ અનુસાર, ભગવાન રામલલા સરકારના પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવમાં પ્રવેશ ફક્ત શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર દ્વારા જારી કરાયેલ એડમિટ કાર્ડ દ્વારા જ શક્ય હતો. ફક્ત આમંત્રણ પત્ર મુલાકાતીઓને પ્રવેશ સુનિશ્ચિત કરશે નહીં. એન્ટ્રી ગેટ પરના ઊઇ કોડ સાથે મેચ કર્યા પછી જ પરિસરમાં પ્રવેશ શક્ય બન્યો હતો. અયોધ્યાના રામ મંદિરમાં અભિષેક સમારોહ પહેલા ગુરુવારે (૧૮ જાન્યુઆરી) બપોરે રામજન્મભૂમિ મંદિરના ગર્ભગૃહમાં ભગવાન રામલલાની નવી મૂર્તિ સ્થાપિત કરવામાં આવી હતી. મૈસૂર સ્થિત શિલ્પકાર અરુણ યોગીરાજ દ્વારા બનાવવામાં આવેલી રામલલાની ૫૧ ઇંચની મૂર્તિને ટ્રકમાં મંદિરમાં લાવવામાં આવી હતી.












## અયોધ્યામાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા, પ્રધાનમંત્રીએ સૌથી મોટા શપથ લીધા

અયોધ્યામાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ છે. જેમાં સાધુ, સંતો, રાજકારણો, ઉદ્યોગપતિ તેમજ ફિલ્મ જગતના કલાકારો પણ હાજર રહ્યા છે. વડાપ્રધાન મોદીએ આજે નવી સોગંદ લીધી છે. વડાપ્રાધાન મોદીએ સોંગદ લીધી કે રામથી રાષ્ટ્ર સુધી જોડાઈશું. તેમજ રામનો વિચાર માનસમાં જ નહી જનમાનસમાં પણ રહેશે. વડા પ્રાધન મોદીએ આગામી ૧૦૦૦ વર્ષમાં રામને રાષ્ટ્ર સુધી જોડવાની વાત કરી છે. પીએમ મોદીએ કહ્યું, સાગરથી સરયૂ સુધી દરેક જગ્યાએ રામનામ દેખાય છે. ભગવાન રામ ભારતના આત્માના દરેક કણ સાથે જોડાયેલા છે. લોકોએ દરેક યુગમાં રામ જીવ્યા છે. દરેક યુગમાં લોકોએ પોતાની રીતે રામને વ્યક્ત કર્યા છે. આ રામ રસ જીવનના પ્રવાહની જેમ વહેતો રહે છે. પ્રાચીન કાળથી ભારતના દરેક ખૂણેથી લોકો રામ રાસની પૂજા કરતા આવ્યા છે. રામ કથા અમર્યાદ છે. આજે દેશ એ લોકોને પણ યાદ કરી રહ્યો છે જેમના કામ અને સમર્પણના કારણે આપણે શુભ દિવસો જોઈ રહ્યા છીએ.







અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાને ચિહ્નિત કરવા માટે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના નિવાસસ્થાને રામ જ્યોત પ્રગટાવી હતી.





# રામ લલ્લાના પ્રાણ પ્રતિષ્ઠામાં બોલિવુડ સ્ટાર પરંપરાગત પોશાકમાં જોવા મળ્યા

**। (એજન્સી) અયોધ્યા, તા.૨૨ ।**

અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના ઉદ્ઘાટન અને અભિષેક સમારોહ માટે બોલિવૂડની ઘણી હસ્તીઓને આમંત્રણ આપવામાં આવ્યું હતું.સોમવાર સવારથી જ ફિલ્મ ઈન્ડસ્ટ્રીની મોટી હસ્તીઓ અયોધ્યા પહોંચી હતી. અભિનેતા અમિતાભ બચ્ચન, અનુપમ ખેર, રણદીપ હુડ્ડા સહિત ઘણા કલાકારો અને અભિનેત્રીઓ ટેક ઓફ કરતા પહેલા મુંબઈ અને ચેન્નાઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. બોલિવૂડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચન, સફેદ કુર્તા-પાયજામા પહેરીને સોમવારે સવારે અયોધ્યા રામ મંદિર પરિસરમાં જોવા મળ્યા હતા. અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠામાં ભાગ લેવા બોલિવુડ અભિનેતા રણબીર કપૂર અને પત્ની આલીયા ભટ્ટ પારંપારિક કપડામાં પહોંચ્યા હતા. આ સમયે રણબીરે ક્રિમ કલરનો જભ્ભો અને ધોતી પહેરી હતી તેમજ સફેદ કલરની સાલ ઓઢી હતી, જ્યારે આલિયા ભટ્ટે બ્લ્યૂ રંગની રેશમા સાડી પહેરી હતી ફોટોમાં રણબીર આલિયાની સાથે ફિલ્મ ડિરેક્ટર રોહીત



શેટ્ટીમ પણ જોવા મળી રહ્યા છે. ભવ્ય રામ મંદિરના પ્રાંગણમાં સાઉથના સુપરસ્ટાર રજનીકાંત જોવા મળ્યા હતા. આ સમયે તે કોઈ વ્યક્તિ સાથે વાત કરતા નજરે પડી રહ્યા છે. તમને જણાવી દઈએ કે અભિનેતા ફ્લાઈટ લેવા માટે ચેન્નાઈ એરપોર્ટ પર પહોંચ્યો ત્યારે તેના ચાહકોની ભીડ ત્યાં એકઠી થઈ ગઈ હતી. જે બાદ આજે પ્રાણ પ્રતિષ્ઠામાં હાજર રહ્યા હતા અને ભગવાન રામના આશીર્વાદ લીધા હતા. અભિનેતા વિકી કૌશલ તેની પત્ની કેટરિના કૈફ સાથે અને અભિનેત્રી માધુરી દીક્ષિત તેના પતિ રામ નેને પરંપરાગત કપડાંમાં રામ મંદિર પરિસરમાં જોવા મળ્યા હતા. તેલુગુ, તમિલ, કન્નડ અને મલયાલમ ઉદ્યોગોની આમંત્રિત હસ્તીઓ શુભ દિવસ માટે અયોધ્યામાં છે ત્યારે રામ ચરણની તેના માતા-પિતા મેગાસ્ટાર ચિરંજીવી અને સુરેખા સાથે આયોધ્યા પહોચ્યાં હતા દિગ્ગજ અભિનેતા અમિતાભ બચ્ચનના પુત્ર અભિષેક બચ્ચન પણ અયોધ્યામાં છે. અયોધ્યામાં ઢોલ-નગારા સાથે બિગ બી તેમજ તેમના પુત્રનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. બોલિવુડ અભિનેતા આયુષ્યમાન ખુરાના પણ અયોધ્યા રામ નગરીમાં પ્રાણ પ્રતિષ્ઠામાં ભાગ લેવા પહોચ્યાં છે ત્યારે મીડિયા સાથે વાત કરતા આયુષ્યમાને ઘણી વાતો પણ કરી હતી. ‘ક્વીન’ અભિનેત્રી કંગના રનૌત રવિવારે અયોધ્યા પહોંચી હતી. રામની ભક્તિમાં લીન કંગનાએ પ્રાણ પ્રતિષ્ઠામાં ભાગ લીધો અને આ સમયે ખુશીથી જોર જોરથી ભગવાન રામના નારા લગાવ્યા હતા

**ન્યૂઝ બ્રિફ**

### બતાદ્રાવા થાનના તીર્થસ્થળમાં રાહુલ ગાંધીને પ્રવેશવા ન દેવાયા

**। (એજન્સી) અયોધ્યા, તા.૨૨ ।**

૨૨ જાન્યુઆરીએ અયોધ્યા રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા પહેલા સમગ્ર દેશમાં દિવાળી જેવો માહોલ હતો. ત્યારે રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા માટે જાણીતી હસ્તીઓ અયોધ્યા પહોંચી હતી. જો કે વિપક્ષી નેતાઓએ સત્તાવાર રીતે આ કાર્યક્રમનો બહિષ્કાર કરી દીધો છે. તેમનો આરોપ છે કે આ રામ મંદિરનું ઉદ્ઘાટન નથી, પરંતુ ભાજપ અને આરએસએસનો કાર્યક્રમ છે. જો કે, ઘણા વિપક્ષી નેતાઓ આ દિવસે અન્ય કોઈ મંદિરની મુલાકાત લેવાની યોજના બનાવી રહ્યા છે. રાહુલ ગાંધી હાલમાં ભારત જોડો ન્યાય યાત્રા વચ્ચે આસામના પ્રવાસે છે. અહીં રાહુલ ગાંધી આજે આસામના બતાદ્રાવા થાનના તીર્થસ્થળની મુલાકાત લેવાની યોજના બનાવી હતી. જોકે મંદિર સમિતિએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને મંદિરમાં પ્રવેશવા પર પ્રતિબંધ લગાવી દીધો છે. મેનેજમેન્ટે કહ્યું કે, અયોધ્યા રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને કારણે રાહુલ ગાંધીને અહીં મંદિરમાં પ્રવેશવા દેવામાં નહીં આવે જેને લઈને હવે વિવાદ થયો છે. રાહુલ ગાંધી દ્વારા મંદિરની મુલાકાત લેવાના પ્રશ્ન પર આસામના તીર્થસ્થળ બતાદ્રાવા થાનની મેનેજમેન્ટ સમિતિએ નિવેદન આપ્યું હતું કે કોંગ્રેસના સાંસદને અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ સમાપ્ત થયા બાદ અહીંના મંદિરમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે.



**વડાપ્રદાન નરેન્દ્ર મોદીએ અયોધ્યામાં રામમંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ભાગ લીધા બાદ દિલ્હી પાછા ફરતાની સાથે અત્યંત મહત્વપૂર્મ જાહેરાત કરી છે. મોદીએ કહ્યું હતું કે સુર્યવંશી ભગવાન શ્રી રામના આલોકથી વિશ્વના તમામ ભક્તગણ સદૈવ ઊર્જા પ્રાપ્ત કરે છે. આજે અયોધ્યામાં પ્રાણ-પ્રતિષ્ઠાના શુભ અવસર પર મારો એ સંકલ્પ છે અને મને લાગ્યું છે કે બારતવાસીઓના ઘરોની છત પર તેમની સોલર રૂફ ટોપ સિસ્ટમ હોય. અયોધ્યાથી પાછા ફર્યા બાદ મે પહેલો નિર્ણય કર્યો છે કે અમારી સરકાર એક કરોડ ઘરો પર રૂફટોપ સોલાર લગાવવાના લક્ષ્ય સાથે પ્રદાનમંત્રી સુર્યોદય યોજનાનો પ્રારંભ કરશે.**

### પ્રાણ પ્રતિષ્ઠાને લઈને દેશમાં સનાતન ધર્મ યાત્રા

## મુંબઈના ભાયંદરમાં સનાતન ધર્મ યાત્રા પર તોફાનીઓનો હુમલો

### તોફાની તત્વો લાકડીઓ સાથે આવ્યા હતા અને કાર પર હુમલો કર્યો તથા તેઓએ ધાર્મિક ધ્વજ ફાડી નાખ્યો

**। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।**

અયોધ્યામાં રામ મંદિરના અભિષેકને લઈને દેશ-વિદેશમાં ભારે હોબાળો થઈ રહ્યો છે. અનેક જગ્યાએ સનાતન ધર્મ યાત્રા કાઢવામાં આવી હતી. મુંબઈના મીરા રોડ અને ભાયંદરમાં કાઢવામાં આવી રહેલી સનાતક ધર્મ યાત્રા દરમિયાન હંગામો થયો હતો. પોતાની કારમાં રામ અને હનુમાનના ઝંડા લઈને પસાર થતા લોકો જય શ્રી રામના નારા લગાવી રહ્યા હતા. આરોપ છે કે યાત્રા દરમિયાન કેટલાક તોફાની તત્વો લાકડીઓ સાથે આવ્યા હતા અને કાર પર હુમલો કર્યો હતો. આરોપ છે કે તેઓએ ધાર્મિક ધ્વજ ફાડી નાખ્યો હતો. વાહનોમાં તોડફોડ કરી હતી. જોકે, પોલીસે સતર્કતા દાખવી ઘટના પર નિયંત્રણ મેળવી લઈ વિસ્તારમાં ચુસ્ત બંદોબસ્ત કરી દીધો છે.

### ક્રિકેટર અકસ્માત બાદ હજુ વાપસી કરી શક્યો નથી

## રૂષભ પંતના આઈપીએલમાં પાછા ફરવા અંગે હજુ પણ શંકા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।**

ભારતીય ક્રિકેટ ટીમનો વિકેટકીપર બેટ્સમેન રિષભ પંત માર્ગ અકસ્માત બાદ અત્યાર સુધી ટીમમાં પરત ફરી શક્યો નથી. પંતના ચાહકો તેને મેદાનમાં રમતા જોવા ઈચ્છે છે. આઈપીએલ ૨૦૨૪ માટે પંતે પોતાની ટીમ દિલ્હી કેપિટલ્સ તરફથી ખેલાડીઓને



ખરીદવા માટે ઓક્શનમાં ભાગ લીધો હતો. ત્યારબાદ કહેવામાં આવી રહ્યું હતું કે પંત વાપસી માટે સંપૂર્ણપણે તૈયાર છે અને આગામી વર્ષમાં દિલ્હી કેપિટલ્સ સાથે જોડાશે. પરંતુ હવે તેની ઈજા પર મોટું અપડેટ મળી રહ્યું છે જેના કારણે રિષભ પંતના ચાહકોને મોટો ઝટકો લાગી શકે છે. બીસીસીઆઈના સૂત્રે રિષભ પંતના સ્વાસ્થ્ય પર અપડેટ આપતા જણાવ્યું, ‘‘પંતની આઈપીએલમાં વાપસી હજુ નક્કી નથી.

## અંગત કારણોસર વિરાટ કોહલી ઈંગ્લેન્ડ સામે પ્રથમ બે ટેસ્ટ નહીં રમે

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।**

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૨૫મી જાન્યુઆરીથી ૫ મેચની ટેસ્ટ સીરિઝ રમાનાર છે. આ ટેસ્ટ સીરિઝની પ્રથમ બે ટેસ્ટ મેચ માટે બીસીસીઆઈએ ટીમની જાહેરાત કરી હતી.

આ ટીમમાં સ્ટાર બેસ્ટમેન વિરાટ કોહલી પણ સામેલ હતો. જો કે હવે ભારતીય ટીમના ચાહકોને મોટો ઝટકો લાગ્યો છે. પ્રથમ બે ટેસ્ટ મેચથી કોહલીએ



અંગત કારણોસર પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. આ માહિતી બીસીસીઆઈદ્વારા આપવામાં આવી હતી. બીસીસીઆઈના જણાવ્યા મુજબ, ‘‘અંગત કારણોને ટાંકીને વિરાટ કોહલીએ બીસીસીઆઈને ઈંગ્લેન્ડ સામેની આગામી ટેસ્ટ સીરિઝની પ્રથમ બે મેચમાંથી પોતાનું નામ પાછું ખેંચી લેવા વિનંતી કરી છે. વિરાટે કેપ્ટન રોહિત શર્મા, ટીમ મેનેજમેન્ટ અને પસંદગીકારો સાથે વાત કરી અને ભારપૂર્વક જણાવ્યું કે દેશનું પ્રતિનિધિત્વ કરવું તેની સર્વોચ્ચ પ્રાથમિકતા છે, અમુક વ્યક્તિગત સંજોગો તેની હાજરી પર અવિભાજિત ધ્યાન આપવાની માંગ કરે છે.’’ બીસીસીઆઈવધુમાં કહ્યું, ‘‘બોર્ડ તેના નિર્ણયનું સન્માન કરે છે.

### હનુમાન ફિલ્મ ૧૨ જાન્યુઆરીએ રિલિઝ થઈ હતી

## હનુમાન ફિલ્મની ટીમે રામ મંદિર માટે ૨,૬૬,૪૧,૦૫૫ રુપિયાનું દાન કર્યુ

**। (એજન્સી) મુંબઈ, તા.૨૨ ।**

પ્રશાંત વર્માના નિર્દેશન હેઠળ બનેલી સુપરહીરો ફિલ્મ હનુમાન ૧૨ જાન્યુઆરીએ રિલીઝ થઈ હતી. તેજ સજ્જા, વરલક્ષ્મી સરથકુમાર, અમૃતા અય્યર અને વિનય રાય અભિનીત આ ફિલ્મ દુનિયાભરમાં બોક્સ ઓફિસ પર જોરદાર કમાણી કરી રહી છે. ફિલ્મ નિર્માતાઓએ હાલમાં અયોધ્યા રામ મંદિર માટે દરેક ટિકિટના વેચાણ પર પાંચ રુપિયા આપવાનો નિર્ણય કર્યો હતો, નિર્માતાઓએ આપેલુ વચન આજે તેમણે પુરુ કર્યુ છે. ફિલ્મની ટીમે અયોધ્યાના રામ મંદિર માટે ૨,૬૬,૪૧,૦૫૫ રુપિયા દાન કર્યુ હતું. આ ફિલ્મે વિશ્વભરમાંથી ૧૫૦ કરોડનો આંકડો પાર કરી દીધો છે. ફિલ્મની ટીમનું કહેવું છે કે, ફિલ્મ ‘હનુમાન’ ને આજે બીજા અઠવાડિયે પણ દેશ- વિદેશમાં બોક્સ ઓફિસમાં સારી પરફોર્મન્સ બતાવી રહી છે. પ્રી-રિલીઝ ઈવેન્ટ દરમિયાન નિર્માતાઓએ કહ્યું હતું કે, રામ મંદિર માટે ફિલ્મની જે પણ ટિકિટો વેચાશે તે દરેક ટિકિટમાંથી પાંચ રુપિયા આપ વાનો ઉલ્લેખ કર્યો હતો.

### એક દેશ એક ચૂંટણી પર ૨૦ હજારથી વધુ સુચનો મળ્યા

## લોકસભા-વિધાનસભાની ચૂંટણી સાથે કરવા ૮૧ ટકા લોકો સહમત

### પૂર્વ રાષ્ટ્રપતિ કોવિંદની અધ્યક્ષતામાં બનેલી સમિતિને ૧૭ રાજકીય પક્ષો તરફથી સૂચનો પ્રાપ્ત થયા

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।**

એક દેશ એક ચૂંટણી પર પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં બનેલી સમિતિને લોકો પાસેથી લગભગ ૨૦ હજારથી વધુ સૂચનો મળ્યા છે. તેમાંથી ૮૧ ટકા લોકો લોકસભા અને વિધાનસભાની ચૂંટણી એકસાથે કરવાના વિચાર સાથે સહમત થયા છે. આ સમિતિએ ૪૬ રાજકીય પક્ષો પાસેથી પણ સૂચનો મંગાવવામાં



આવ્યા છે. અત્યાર સુધીમાં ૧૭ રાજકીય પક્ષો તરફથી સૂચનો પ્રાપ્ત થયા છે. પાંચમી જાન્યુઆરીએ પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં બનેલી સમિતિએ દેશમાં એકસાથે ચૂંટણી યોજવા માટે વર્તમાન કાયદાકીય અને વહીવટી માળખામાં યોગ્ય ફેરફારો કરવા નાગરિકો પાસેથી સૂચનો આમંત્રિત કરી જાહેર નોટિસ બહાર પાડી હતી. અહેવાલ અનુસાર, પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના નેતૃત્વમાં ગત વર્ષે સપ્ટેમ્બરમાં રચાયેલી સમિતિએ ગઈકાલે તેની ત્રીજી બેઠક યોજી હતી.

### જનતા દળ યુનાઈટેડમાં નાસભાગ

## રામનું નામ લઈ જેડીયુના ડો. સુનિલ કુમારસિંહનું રાજીનામું

**। (એજન્સી) પટણા, તા.૨૨ ।**

રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પહેલા જનતા દળ યુનાઈટેડમાં નાસભાગ મચી ગઈ છે. જનતા દળ યુનાઈટેડના રાજ્ય પ્રવક્તા અને પટણાના પ્રખ્યાત આંખના ડૉક્ટર ડૉ. સુનિલ કુમાર સિંહે ભગવાન શ્રી રામનું નામ લઈને તેમણે પક્ષના અગ્રતા સભ્યપદ અને પ્રવક્તા પદ પરથી પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ જાણકારી આપતા કહ્યું છે કે ‘મેં મારું રાજીનામું પક્ષ પ્રદેશ અધ્યક્ષને મોકલી આપ્યું છે.’ સુનિલ કુમાર સિંહે રામનું નામ લઈને જેડીયુને અલવિદા કહી દીધું છે. તેમણે પક્ષમાં પોતાના હોદ્દા અને પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપતા લખ્યું છે કે, આજે આખું ભારત રામમય થઈ ગયું છે. જય શ્રી રામની ઘોષણા અને ગીતો અને સંગીતને કારણે સર્વત્ર આનંદ છે. આપણે ભારતીયો તેમના નામનો જપ કરીને ધન્યતા અનુભવી રહ્યા છીએ. ભગવાન શ્રી રામને હું નમન કરું છું. આ શુભ દિવસે, ભગવાન શ્રી રામજીના આદર્શોને અનુસરીને, તેમના આદેશથી, હું જેડીયુના પ્રવક્તા પદ અને પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપું કરું છું. ભગવાન શ્રી રામ ભવિષ્યમાં કર્તવ્યનો માર્ગ બતાવશે.’

## તંત્રી લેખ...

# રામલલા ટેન્ટમાંથી ભવ્ય રામ મંદિર સુધી પહોંચ્યા

અયોધ્યા વિવાદ ત્યારે શરૂ થાય છે જ્યારે મુઘલ સમ્રાટ બાબરે મંદિર તોડીને અહીં મસ્જિદ બનાવી હતી. દેશની આઝાદી બાદ આ મામલો વધુ ગરમાયો હતો. આવી સ્થિતિમાં, ચાલો એક ટાઈમલાઈન દ્વારા જાણીએ કે કેવી રીતે રામલલા તંબુમાંથી ભવ્ય મંદિર પહોંચ્યા. અયોધ્યામાં બાબરી મસ્જિદનું નિર્માણ થયું. આ અંગે કહેવામાં આવ્યું છે કે ભગવાન રામનો જ્યાં જન્મ થયો હતો ત્યાં મસ્જિદનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૧૫૨૬માં ભારત આવેલા બાબરે તેના સેનાપતિ મીર બાકીને અહીં મસ્જિદ બનાવવાનો આદેશ આપ્યો હતો. આ મસ્જિદને બાબરી મસ્જિદ કહેવામાં આવતી હતી. અંગ્રેજોએ ૧૮૫૭ના બળવા પછી ૧૮૫૯માં સંકુલનું વિભાજન કર્યું. આ માટે મસ્જિદની સામે દિવાલ બનાવવામાં આવી હતી. મુસ્લિમોને અંદરના ભાગમાં નમાઝ અદા કરવાની છૂટ હતી, જ્યારે હિંદુઓ બહારના ભાગમાં નમાઝ અદા કરી શકતા હતા. સમય વીતવા સાથે અયોધ્યામાં ધીમે ધીમે તણાવ વધવા લાગ્યો અને પછી ૧૮૮૫માં આ મામલો પહેલીવાર કોર્ટમાં પહોંચ્યો. હિન્દુ સાધુ મહંત રઘુબર દાસે ફૈઝાબાદ કોર્ટને રામ મંદિર બનાવવાની પરવાનગી મેળવવાની વિનંતી કરી હતી. જોકે તેને આ માટે પરવાનગી મળી ન હતી. આ સમગ્ર વિવાદમાં આ વર્ષ ખૂબ મહત્વ ધરાવે છે, કારણ કે બાબરી મસ્જિદની અંદરથી રામલલાની મૂર્તિ મળી આવી હતી. દાવો કર્યો હતો કે હિન્દુઓએ પોતે આ મૂર્તિ મૂકી હતી. આને લઈને મુસ્લિમોમાં ભારે નારાજગી જોવા મળી હતી, ત્યારબાદ સરકારે મસ્જિદને વિવાદાસ્પદ જાહેર કરીને તેને તાળા મારી દીધા હતા. રામ મંદિર નિર્માણના આંદોલન માટે આ વર્ષ ખૂબ જ મહત્વપૂર્ણ હતું, કારણ કે આ વર્ષમાં રામ જન્મભૂમિ મુક્તિ સમિતિની રચના કરવામાં આવી હતી. વિશ્વ હિંદુ પરિષદના નેતૃત્વમાં બનેલી સમિતિએ રામ મંદિર નિર્માણ માટે અભિયાન શરૂ કર્યું. ભાજપના તત્કાલિન પ્રમુખ લાલકૃષ્ણ અડવાણીએ લોકોને રામ મંદિર વિશે જાગૃત કરવા ગુજરાતના સોમનાથથી ઉત્તર પ્રદેશના અયોધ્યા સુધી રથયાત્રા કાઢી. ઓક્ટોબરમાં જ્યારે તે બિહાર પહોંચ્યો ત્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી, ત્યાં સુધીમાં તેની સાથેના કાર સેવકો અયોધ્યા પહોંચી ગયા હતા. હજારો કારસેવકો અયોધ્યા પહોંચ્યા. ઓક્ટોબર મહિનામાં અયોધ્યામાં વાતાવરણ ખૂબ જ તંગ બની ગયું હતું, કારણ કે કાર સેવકોએ મસ્જિદ પર ચડીને ધ્વજ ફરકાવ્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ફાયરિંગ કરવું પડ્યું. આ વર્ષે ફેબ્રુઆરીમાં હિંદુ કાર્યકર્તાઓ ટ્રેન દ્વારા ગોધરા પરત ફરી રહ્યા હતા, જેના પર હુમલો થયો અને ૫૮ લોકો માર્યા ગયા. ૧૫ માર્ચે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા મંદિરના નિર્માણની જાહેરાત કરવામાં આવી હતી. આ અંતર્ગત અયોધ્યામાં સેંકડો હિંદુ કાર્યકરોની ભીડ એકઠી થઈ હતી.

# એક રાજકુમાર હોવા છતાં એમણે સામાન્ય જીવન ભોગવ્યું



અયોધ્યામાં રામમંદિરમાં રામલલ્લાનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ભારતના પ્રમુખ તહેવાર જેમ ઉજવાઈ રહ્યો છે. સદીઓ પછી પહેલીવાર ભારતવર્ષ રામના ભક્તિપ્રલયમાં તણાઈ રહ્યું છે...! રામના વ્યક્તિત્વનો ભારતીય જનજીવનના પર ઘેરો પ્રભાવ છે. પોતાની જિંદગી અનેક પ્રકારના સંઘર્ષમાં વીતાવી હોવા છતાં રામ ભારતીય પ્રજા માટે આદર્શ છે. એક રાજકુમાર હોવા છતાં એમણે સામાન્ય મનુષ્ય ભોગવે એનાથી પણ અધિક દુઃખો ભોગવ્યા છે. છતાં એક પણ દુઃખમાં તેઓ હારી કે થાકી ગયા નથી. પિતાને કે પિતાના વચનને અનુસરવું એ કોઈ આસાન કામ નથી. રાજા દશરથ અંગે એનાથી પણ વધુ મહત્ત્વનું એ છે કે સંતાનો પર પોતાનું વાત્સલ્ય એટલું બધું હોય કે પોતાના એક પણ વચનનો સંતાનો અનાદર ન કરી શકે એ સ્થિતિ નિર્માણ કરવી પણ એટલી જ અઘરી છે. રામે પિતાના વચનનું પાલન કર્યું એમાં એ વાત વધુ મહત્ત્વની છે કે મહારાજ દશરથનું પિતૃત્વ જ એટલું ઘટાદાર હતું કે એમના એક પણ શબ્દનું રામ ઉલ્લંઘન કરી ન શકે. રામ જિંદગીના ઉપાસક છે. નગરજીવન અને વન્ય જીવનનો સંયુકત અનુભવ એ રામનો મુખ્ય જીવન ક્રમ બની ગયો છે. લગભગ સદાય વિપરીત પરિસ્થિતિમાંથી રામ પસાર થતાં રહ્યા છે. તેઓ કદી પણ વિચલિત થયા નથી. તુલસીદાસે કિષ્કિન્ધા કાણ્ડમાં રામને એક વ્યાકુળ વિયોગી ગૃહસ્થ તરીકે આલેખ્યા છે. વિયોગમાં પણ તેમનું જ્ઞાન જળવાયેલું છે. વરસતા વરસાદમાં લક્ષ્મણ અને રામનો સંવાદ રામની પ્રગલ્ભ ચેતનાનો પરિચય આપે છે. ઘન ઘમંડ નભ ગરજત ઘોરા.... કહીને તુલસી રામની મુગ્ધતા વ્યક્ત કરી દે છે. પરંતુ લક્ષ્મણે પૂછેલા કૌતુકમય પ્રશ્નોના જવાબોમાં રામનું નિશ્ચલ આત્મતેજ ઝબક ઝબક થતું રહે છે. જીવનની આંટીઘૂંટીઓ રામના પગમાં વીંટળાયેલી છે. વિષાદથી રામ કદી વિમુખ થયા નથી. ગળાડૂબ વિષાદ એમને વારંવાર ઘેરી વળેલો છે. રામનો આ વિષાદ કોઈએ પણ ઓછો કરી આપ્યો નથી. વનમાં જવું એક ઉપાધિ છે. પિતાની આજ્ઞાથી જવું એટલે એ તપ છે. આજ્ઞાપાલનનો પોતાને આનંદ છે એટલે વળી એ તપમાં આરંભથી જ તેજ ભળે છે. પરંતુ લક્ષ્મણ વનમાં સાથે આવવાની જિદ કરે છે. સીતાનો પણ હઠાગ્રહ છે. રામનો વનવાસ એ બેયના વેનથી વધુ ગંભીર અને સાહસિક બની જાય છે. વિષાદ વહેંચાઈને ઓછો થતો નથી, અધિક થતો જાય છે. સીતાએ અને લક્ષ્મણે વનમાં જવાની જરૂર ન હતી. પરંતુ તેઓ તો રામના પડછાયા છે. આકૃતિથી પડછાયા કોણ જુદા કરી શકે ? છેવટે અયોધ્યાના રાજઘરાનાની આ ત્રિમૂર્તિની સફર શરૂ થાય છે. સહુએ રામના વિષાદને અભિવૃદ્ધ કરી આપ્યો છે. સુવર્ણ મૃગની ઈચ્છાને કારણે રામને મનમાં તો થયું જ હોય કે આવી જ મનોકામનાઓ હોય તો સીતાએ અયોધ્યાના રાજમહેલની બહાર આવવાની જરૂર ન હતી. પરંતુ તેઓ સીતાને એક જ વાક્ય કહે છે કે હે પ્રિયે, શું તને ખબર નથી કે સુવર્ણ મૃગ માત્ર કલ્પનાનો વિષય છે, એ પૃથ્વી પર હોતું જ નથી.

# "ધોરડો: ગુજરાતના સરહદી પ્રવાસનની વૈશ્વિક ઓળખ" વિષય આધારિત નવી દિલ્હીમાં કર્તવ્યપથ પર પ્રજાસત્તાક દિને રજૂ થશે ગુજરાતની ઝાંખી

## ઝાંખીના મુખ્ય આકર્ષણ : ધોરડોના "ભૂંગા'' તરીકે ઓળખાતા ઘર, સ્થાનિક હસ્તકલા અને રોગાન કલા, "રણ ઉત્સવ", ટેન્ટ સિટી, યુનેસ્કોએ તાજેતરમાં જ જાહેર કરેલા ગુજરાતના 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા' સમા ગરબા

















। (માહિતી) ગાંધીનગર/નવી દિલ્હી ।

ગુજરાત રાજ્યએ તેના સામાજિક, રાજકીય, ઔદ્યોગિક અને સાંસ્કૃતિક વિકાસ થકી દેશને હંમેશા નવી દિશા ચિંધી છે. આ ઉપક્રમને બરકરાર રાખતાં ચાલુ વર્ષે રાજ્યના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતાં ટેબ્લો "ધોરડો: ગુજરાતના સરહદી પ્રવાસનની વૈશ્વિક ઓળખ" વિષય આધારિત ઝાંખીનું તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ નવી દિલ્હીના કર્તવ્યપથ પર આયોજિત પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં પ્રદર્શન કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધોરડોનો **UNWTO: United Nations World Tourism Organization** ના બેસ્ટ **Tourism Village** યાદીમાં તાજેતરમાં જ સમાવેશ કરવામાં આવ્યો છે. આ સરહદી ગામ તેની ખમીરાઈ અને 'વિકસિત ભારત'ની પરિકલ્પનાને મૂર્તિમંત કરવાની સાથે રાજ્ય અને દેશના સરહદી પ્રવાસનને ઉતેજન આપે છે. આ વર્ષે પ્રજાસત્તાક દિનની પરેડમાં ૧૬ રાજ્યો અને કેન્દ્રસાશિત પ્રદેશો તથા કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની ૯ ઝાંખીઓ મળીને કુલ ૨૫ ટેબ્લોનું પ્રદર્શન થનારું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ૭૫-માં પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.

અમૃતકાળના આ પ્રથમ પ્રજાસત્તાક પર્વમાં પર્યાવરણીય-ભૌગોલિક અને કુદરતી વિષમતાઓથી ભરપૂર કચ્છના રણમાં આવેલું રાજ્યનું સરહદી ગામ ધોરડો અનેક વિપરિત પરિસ્થિતિ છતાં પ્રવાસન ક્ષેત્રમાં શિરમોર સ્થળ બનીને બેઠું છે, તેનું ગુજરાતની આ ઝાંખી દ્વારા પ્રદર્શન કરવામાં આવ્યું છે. ગુજરાતની ભૌગોલિક સ્થિતિને ઝાંખીના આગળના ભાગમાં ફરતા ગ્લોબમાં દર્શાવવામાં આવી છે. સમગ્ર વિશ્વમાં ગુજરાતનો નકશો અને "ભુંગા" તરીકે કચ્છી ઘરોથી ઓળખાતા ધોરડોને દર્શાવવાની સાથે આ ટેબ્લોમાં સ્થાનિક હસ્તકલા, રોગાન કલા, કચ્છી પરંપરાગત સંગીત અને કૌશલ્ય સહિતની બાબતોને દર્શાવવામાં આવી છે. પરંપરાગત પહેરવેશમાં વિદેશી પ્રવાસીઓ ડિજિટલ રીતે પેમેન્ટ કરીને અહીંની કલાકૃતિઓને ખરીદતાં પણ દર્શાવવામાં આવી છે. જે આ ગામની પરંપરાની સાથે ડિજિટલ પ્રગત્તિને દર્શાવી રહી છે.

પરંપરા-પ્રવાસન-ટેક્નોલોજી અને વિકાસનો સુંદર સમન્વય સાધ્યો હોવાના લીધે જ ધોરડોને **UNWTO: United Nations World Tourism Organization (UNWTO)**ના **Best Tourism Village** યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે, જે સાચા અર્થમાં "વિકસિત ભારત"ની પરિકલ્પનાને સાકારિત કરે છે. આ ઉપરાંત ટેબ્લોમાં રણોત્સવ, ટેન્ટસિટી અને કચ્છના વિવિધ ભરતગૂંથણને દર્શાવતાં નિદર્શનો રજૂ કરવામાં આવ્યાં છે.

ટેબ્લોમાં પરંપરાગત પોશાકમાં ગરબા કરતી મહિલાઓ ગુજરાતની ઐતિહાસિક સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરી રહી છે. તાજેતરમાં 'યુનેસ્કો'એ ગુજરાતના ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસા'માં સામેલ કર્યા છે; જે દરેક ગુજરાતી તેમજ ભારતીય માટે ગર્વની વાત છે.

ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા પ્રસ્તુત આ ઝાંખીના નિર્માણમાં માહિતી અને પ્રસારણ સચિવ શ્રીમતિ અવંતિકા સિંઘ ઔલખ, માહિતી નિયામક શ્રી ધીરજ પારેખ, અધિક નિયામક શ્રી અરવિંદ પટેલના માર્ગદર્શનમાં શ્રી પંકજભાઈ મોદી તથા નાયબ માહિતી નિયામક સંજય કચોટ યોગદાન આપી રહ્યાં છે. ઝાંખીનું નિર્માણ સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઈઝિંગ પ્રાઈવેટ લિમિટેડના શ્રીસિદ્ધેશ્વર કાનુગા કરી રહ્યાં છે.

# ભક્તિમાં વિલાસિતા આવે ત્યારે તો ભક્તિનો નાશ થાય છે, વિલાસિતા એટલે વિષધર નાગ



વિશેષ

યશપાલસિંહ ટી. વાઘેલા



રામાવતારમાં રામે બધું કર્યું, પરંતુ રામજીને ગાયોની પૂજા કોઈએ કરવા દીધી નહીં. એટલે રૂમજી શ્રીકૃષ્ણરૂપે ગાયોની સેવા કરવા આવ્યા છે. રામ અને શ્રીકૃષ્ણ એક જ છે. પ્રાતઃકાળમાં બ્રાહ્મણો આવ્યા. ગણપતિનું પૂજન કર્યું.શ્રી કૃષ્ણ કહે છે, હું પૂર્ણ પુરુષોત્તમ છું, પણ ધર્મની એકએક મર્યાદા પાળું છું. તેમણે ગાયોનું પૂજન કર્યુ અને ગાયોની પ્રદક્ષિણા કરી માને સાષ્ટાંગ પ્રણામ કર્યા. યશોદાની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં. આખો દિવસ કનૈયાનું મુખ જોયા વિના કેમ જશે તેની ચિંતા છે. એક ક્ષણ પણ ઈશ્વર વિના ચેન ન પડે ત્યારે ઈશ્વર ગોદમાં આવે છે. યશોદામા લાલા માટે પગરખાં લાવ્યાં પણ શ્રીકૃષ્ણે પગરખાં પહેરવા ના પડી. માને કહે છે, મા, હું ગોપાળ છું. મારી ગાયો પગમાં જોડા ન પહેરે તો હું ગાયોનો સેવક પગમાં જોડા કેવી રીતે પહેરી શકું? ગોકુળમાં શ્રીકૃષ્ણે ચાર પ્રતિજ્ઞાઓ પાળી છે:સીવેલાં કપડાં પહેર્યાં નથી. અસ્ત્રશસ્ત્ર લીધું નથી.

એક હાથમાં માખણ-મીસરી અનેબીજા હાથમાં બંસી. માથાના વાળ ઊતાર્યા નથી. પગરખાં પહેર્યાં નથી.ગાયોના સેવક બની એમણે ગાયોની સેવા કરી છે. ગાયોને ખવડાવ્યા વગર ખાધું નથી, ગાયોને પીવડાવ્યા વગર પાણી પીધું નથી. ગાયોને નવડાવીને કનૈયો પોતાના પિતાંબરથી ગાયોને સાફ કરે છે! મા બરફી ખાવા આપે તો ગાયને ખવડાવી દે છે. કહે છે, ગાય ખાય એટલે મને સંતોષ થાય છે.શ્રીકૃષ્ણ વૃંદાવનમાં બાળકો સાથે અનેક પ્રકારની રમતો રમે છે. એક દિવસ સુદામા અને બીજા ગોવાળિયાઓએ વાત કરી કે, તાલવનમાં પુષ્કળ ફળો છે, પણ ધેનુકાસુર રાક્ષસ તે ફળ કોઈને લેવા દેતો નથી.તાલવનમાં ધેનુકા સુર રાક્ષસ ગધેડા રૂપે રહેતો હતો. ન ખાવાની ચીજ સડી જાય પણ કોઈને આપે નહીં તે ધેનુકાસુર. અતિ સંગ્રહ કરે તે ધેનકાસુર. દેહને સર્વસ્વ માને એ ધેનુકાસુર. મા ધેનુકાસુર તાલવનનો માલિક ન હતો પણ તેણે જબરજસ્તીથી તાલવનને પચાવી પાડેલું. કેટલાક લોકો જાહેર સંસ્થાનો વહીવટ કરતાં તેના માલિક બની જાય છે. સંસ્થાનું કે ધેનુકાસુરએ દેહાધ્યાસ છે. દેહાધ્યાસ અવિદ્યાને લીધે આવે છે. અવિદ્યાને લીધે જીવને સાંસારિક પદાર્થોમાં મમતા અથવા રાગદ્વેષ થાય છે. અવિદ્યા જીવને પાંચ રીતે બાંધે છેઃ સ્વરૂપ વિસ્મૃતિ, દેહાધ્યાસ, ઈન્દ્રિયા ધ્યાસ, પ્રાણાધ્યાસ, અંતઃકરણા ધ્યાસ. હું મોટો છું, હું સ્વરૂપવાન છું, હું વિદ્યાવાન છું, સંપત્તિવાન છું,એવું દેહનું અભિ માન થાય તે દેહાધ્યાસ. આવા દેહાધ્યાસ રૂપ ધેનુકાસુરને બલભદ્રે માર્યો. બલભદ્ર એ પ્રભુની અધિદૈવિક શક્તિ છે. એક વખત શ્રી કૃષ્ણ ગોપ બાળકો સાથે નદી કિનારે દડો લઈ રમતા હતા. રમતાં રમતાં દડો નદીના ધરામાં પડ્યો. બાળકો કહે, કનૈયા, આ ધરામાં તો નાગ રહે છે. આ ધરાનું પાણી કોઈ પીતું નથી. ભગવાને તો ધરામાં કૂદકો માર્યો. કાલિનાગ આવી કરડવા લાગ્યો, પણ જેમ કરડે તેમ ઝેરનું અમૃત બને.

શ્રીકૃષ્ણે એક હાથમાં નાગનું પૂંછડું અને બીજા હાથમાં તેની ફણાઓ પકડી. શ્રીકૃષ્ણ કાલિ નાગની ફણા ઉપર આરુઢ થયા. ભગવાન ફણા ઉપર નૃત્ય કરવા લાગ્યા. નાગપત્નીઓ ભગવાનને શરણે આવી અને સ્તુતિ કરવા લાગી કે, આપે જે અમારા પતિને સજા કરી છે તે યોગ્ય છે, કારણ કે આપે કરેલી શિક્ષા પાપનો નાશ કરનારી છે. આપ એમના મસ્તક પર બિરાજમાન થયા એટલે એમનું જીવ્યું ધન્ય થઈ ગયું! રાવણવધ પછી મંદોદરીએ પણ આ જ પ્રમાણે રામચંદ્રજીની સ્તુતિ કરી હતી. શ્રીકૃષ્ણ કાલિય નાગને કહે છે કે, તારા લીધે આ યમુનાના ધરાનું જળ વિષમય થયેલું છે. માટે તું આ સ્થાન છોડી ચાલ્યો જા. કાલિ નાગે તરત જ આજ્ઞાનું પાલન કર્યું.

કાલિ નાગને તો થોડી ફણાઓ હતી. આપણને અનેક ફણા છે. મનુષ્ય સંકલ્પ-વિકલ્પ કરે કે તે બધી ફણાઓ છે. માટે પ્રભુને હરદમ પ્રાર્થના કરો કે, પ્રભુ, મારા મનને નાથો. મારા મન ઉપર તમારાં ચરણને પધરાવો! કાલિ નાગમાં ઝેર હતું તેમ આપણી એક એક ઈન્દ્રિયમાં ઝેર ભર્યું છે. ઈન્દ્રિયમાં વાસનારૂપી ઝેર હોય ત્યાં ભક્તિ થતી નથી. ઈન્દ્રિયોને મારશો નહીં. તેનું ઝેર સત્સંગથી ઓછું કરો. કાલિય નાગ એ ઈન્દ્રિયાધ્યાસ છે. યમુના ભક્તિ છે. ભક્તિમાં જો ઈન્દ્રિયાધ્યાસ આવે તો શૂદ્ર ભક્તિ રહે. ભોગ અને ભક્તિને વેર છે. તેથી કાલિય નાગનું મર્દન કરવું જ પડે. ભક્તિમાં વિલાસિતા આવે તો ભક્તિનો નાશ થાય છે. વિલાસિતા એટલે વિષધર નાગ. ભક્તિમાર્ગના આચાર્યો વલ્લભા ચાર્યજી, રામાનુજાચાર્યજી અને ચૈતન્ય મહાપ્રભુજી વગેરેમાં પરિપૂર્ણ વૈરાગ્ય હતો.આ આચાર્યો એક એક વસ્ત્રભેર જગતમાં ફરતા. પાછળથી કાલિય નાગો- વિલાસી લોકો દાખલ થઈ ગયા ત્યારથી ભક્તિમાર્ગ બગડયા છે.

ભક્તિમાર્ગમાં આગળ વધવું હોય તો ઈશ્વરમાં-પ્રભુસેવામાં અનુરાગ રાખો અને શરીરના ભાગોમાં વૈરાગ્ય રાખો. ઈન્દ્રિયોના ગુલામ ઠાકોરજીની સેવા કરી શકે નહીં. ભગવાને બીજા બધા દૈત્યોને માર્યા પણ કાલિય નાગને માર્યો નથી, પણ નાથ્યો છે. એનો અર્થ એ કે ઈન્દ્રિયોને મારશો નહીં, પણ તેને સમજાવીને વિવેકથી વશ કરજો અને તેનું દમન કરજો. કાલિય નાગમાંથી જેમ ઝેર કાઢીને ભગવાને તેને રમણક દ્વીપમાં મોકલ્યો તેમ, ઈન્દ્રિયોને શુદ્ધ કરી તેનું ઝેર કાઢી નાખી તેને સત્સંગમાં મોકલો. ભોગથી ઈન્દ્રિયોનો ક્ષય થાય છે, ભક્તિથી ઈન્દ્રિયોનું રમણ થાય છે, ઈન્દ્રિયોનું પોષણ થાય છે. ભોગથી નહીં, પણ ભક્તિરસથી ઈન્દ્રિયોને પોષો, એથી એનું ઝેર નીકળી જશે. યોગીઓને જે આનંદ સમાધિમાં મળે છે, તેવો આનંદ વૈષ્ણવોને શ્રીકૃષ્ણકીર્તનમાં મળે છે. કીર્તન કરો ત્યારે કનૈયાને નજર સમય રાખીને તેનું સ્મરણ કરતાં કરતાં કીર્તન કરો. વાણી વર્તન કરે, મન સ્મરણ કરે અને આંખો દર્શન કરે તો જપ સફળ થશે. જ્ઞાનમાર્ગમાં ઈન્દ્રિયો સાથે ઝગડો કરવો પડે છે, યુદ્ધ કરવું પડે છે. ઈન્દ્રિયોને મારવી પડે છે,પણ ભક્તિમાર્ગમાં ઈન્દ્રિયોને ફૂલ ગણી તે પ્રભુનાં ચરણમાં સમર્પી દેવાની છે.આથી ભક્તિમાર્ગ ઉત્તમ છે. કાલિ નાગનું મર્દન કરીને શ્રીકૃષ્ણ બહાર આવ્યા બધાએ ખૂબ આનંદ કર્યો અને એ રાત એમણે ત્યાં જ યમુનાના તીરે કાઢી. એક દિવસ ગોપ બાળકો ખેલકૂદમાં હતાં અને ગાયો ચરતી ચરતી દૂર નીકળી ગઈ. ગાયોને વાળવા જતાં ગાયો અને ગોપ બાળકો દાવાગ્નિથી ઘેરાઈ ગયાં.કનૈયા,બચાવ, બચાવ ! કરી બાળકોએ બૂમ પાડી. લાલાએ ગોપ બાળકોને કહ્યું, તમે આંખો બંધ કરો. બાળકોએ આંખો બંધ કરી. શ્રીકૃષ્ણે વિરાટ સ્વરૂપ ધારણ કર્યું અને દાવાગ્નિ પી ગયા.પ્રતિકૂળ પરિસ્થિતિમાં લોકો હૈયું બાળે છે, એ જ દાવાગ્નિ છે.છોકરો કહ્યું ન કરે, ત્યારે મા- બાપ હૈયું બાળે છે. પણ ઈશ્વર આશ્વાસન આપે છે, તું શા માટે ગભરાય છે? હું તારી સાથે છું.સંસારએ દાવાગ્નિ છે.ચારેબાજુથી તે જીવને બાળે છે.દુઃખનો પાર નથી.દરેકને દુઃખ રૂપી અગ્નિ બાળે છે,ત્યારે ગોપ બાળકો અને વ્રજ વાસીઓની જેમ આંખ બંધ રાખવી અને ભગવાનના નામનું ચિંતન કરવું. આ સંસારરૂપી દાવા નળ-દાવાગ્નિ બાળવા આવે ત્યારે આંખો બંધ રાખી ભગવાનશ્રી કૃષ્ણ નું ધ્યાન ધરો. ભગવાનના નામનો જપ કરતાં તેમાં તન્મયતા થાય એટલે સંસારનો દાવાગ્નિ દૂર થાય. ગઈકાલે શ્રી રામ જન્મ ભૂમિ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન થયો હવે આજે શું તેવો પ્રશ્ન સળવળાટ હૃદય મનમાં કરતો હશે પણ કર્તાઓ તમારા કરતાં પાંચ ડગલાં આગળ છે બસ હવે ફિર અબ કી બાર મોદી સરકાર.. જય શ્રી રામ સૌનું થશે ઈ.. એટલે આજથી કમળ અને ફિર અબ કી બાર મોદી સરકાર દીવાલો પર અંકિત થઈ જશે. સમજાય તો ધન્યવાદ બાકી તો હૃદય સમ્રાટ... જ.. અસ્તુ..





# રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા માટે વિક્કી-કેટરિના, આલિયા-રણબીર પણ પહોંચ્યા અને ૧૦૦ ફિલ્મોના શૂટિંગ બંધ રહ્યા હતા

મુંબઈ: અયોધ્યા પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે અને સોમવારે સેલિબ્રિટીઓ મોટા કાર્યક્રમમાં જવા માટે મુંબઈના કાલીના એરપોર્ટ પર પહોંચ્યા હતા. કેટરીના કૈફ અને વિકી કૌશલ મુંબઈ એરપોર્ટ પર જોવા મળ્યા હતા. દંપતીને પ્રાણ પ્રતિષ્ઠામાં હાજરી આપવાનું આમંત્રણ મળ્યું હતું. તેમણે આ ફંક્શનમાં હાજરી આપવા માટે પરંપરાગત પોશાક પસંદ કર્યો હતો. ફ્લાઈટમાં સવાર થતા પહેલા વિકી અને કેટરીનાએ પાપારાઝીનું અભિવાદન કર્યું હતું. કેટરીના કૈફ ગોલ્ડન કલરની સાડીમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી , તેણે મેચિંગ ગોલ્ડન જ્વેલરી પહેરી હતી તેમની સાથે આલિયા અને રણવીર પણ એરપોર્ટ પર પહોંચ્યા હતા. કેટરીના કૈફ ગોલ્ડન કલરની સાડીમાં ખૂબ જ સુંદર લાગી રહી હતી. તેણે મેચિંગ ગોલ્ડન જ્વેલરી પહેરી હતી અને તેના વાળ ખુલ્લા રાખ્યા હતા. આ દરમિયાન, વિકી કૌશલે બેઝ રંગની શેરવાની પહેરી હતી અને તેના વાળ બાંધ્યા હતા. તેમની કારમાંથી ઉતર્યા પછી, કપલ એરપોર્ટ પર એકબીજાનો હાથ પકડીને ફોટો પડાવ્યો હતો. વિકી કૌશલ-કેટરિના કૈફની જોડી ખૂબ જ ક્યૂટ લાગી રહી હતી. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના અવસર પર કેટલાય કલાકારોને ઈનવાઈટ કરાયા હતા.

તેમાં બોલીવુડ અને સાઉથ ઈન્ડસ્ટ્રીના કલાકારો સામેલ છે. બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન ઉપરાંત અનુપમ ખેર, અજય દેવગન, સની દેઓલ, હેમા માલિની, રણબીર કપૂર, આલિયા ભટ્ટ, મધુર ભંડારકર અને સંજય લીલા ભંસાલીને પણ બોલાવ્યા છે. આ ઉપરાંત સાઉથના મેગાસ્ટાર ચિરંજીવી, રજનીકાંત, ઋષભ શેટ્ટી, યશ, પ્રભાસ અને મોહનલલાલ સહિત અન્ય સ્ટાર્સ સામેલ હતા. રામલલા આવી રહ્યા છે. આ વાતની ખુશી દરેક દેશવાસીને છે. તમામ લોકો આ ભાવુક ક્ષણની રાહ જોઈ રહ્યા છે. ત્યારે આવા સમયે અમુક રાજ્યોમાં જાહેર રજા તો અમુક રાજ્યોમાં હાફ ડે જાહેર કરવામાં આવ્યો છે. હવે રિપોર્ટ આવી રહ્યો છે કે, ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈંડિયા સિને એમ્પ્લોયે સોમવારના દિવસે નેશનલ હોલિડે જાહેર કરી દીધો છે. મતલબ કે ૨૨ જાન્યુઆરીના રોજ બોલીવુડ બંધ રહેશે. FWICEના પ્રેસિડેંટ બીએન તિવારીએ પોતાના નિવેદનમાં આ વાતની જાહેરાત કરી છે. સ્ટેટમેંટમાં કહેવાયું છે કે, અમે આ ખાસ અવસર પર હોલિડે જાહેર કર્યો છે. આ દિવસે કોઈ પણ ફિલ્મનું શૂટિંગ નહીં થાય, કારણ કે અમારા દરેક વર્કર્સ રજા પર રહેશે. આપને જણાવી દઈએ કે, તિવારીએ એવું પણ કહ્યું કે, જો કોઈ ઈમરજન્સી સિચ્યૂએશન હશે અથવા કોઈનું નુકસાન થઈ રહ્યું હશે અને વેલિડ રિઝન સાથે એક રિક્વેસ્ટ લેટરની જરુર પડશે. ફક્ત આવા કેસની ગંભીરતા જોતા શૂટિંગની પરમીશન આપવામાં આવશે. આપને જણાવી દઈએ કે, રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના અવસર પર કેટલાય કલાકારોને ઈનવાઈટ કર્યા છે. અયોધ્યામાં રામલલાના પ્રાણ પ્રતિષ્ઠાના અવસર પર દેશભરમાં અલગ જ હલચલ જોવા મળશે. તેનો આનંદ આપ સારી રીતે લઈ શકો તેના માટે ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. અયોધ્યામાં આ પ્રાણ પ્રતિષ્ઠાનું લાઈવ ટેલિકાસ્ટ ૭૦થી વધારે શહેરોમાં અને ૧૬૦થી વધારે સિનેમાહોલ્સમાં થવા જઈ રહ્યું છે. તેની ફીસ પણ નક્કી કરી છે. તમે ૧૦૦ રૂપિયામાં નજીકના સિનેમાઘરમાં જઈને આ લાઈવ ટેલિકાસ્ટ જોઈ શકશો. આપને જણાવી દઈએ કે, રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાના અવસર પર કેટલાય કલાકારોને ઈનવાઈટ કર્યા છે. તેમાં બોલીવુડ અને સાઉથ ઈંડસ્ટ્રીના કલાકારો સામેલ છે.

બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન ઉપરાંત અનુપમ ખેર, અજય દેવગન, સની દેઓલ, હેમા માલિની, રણબીર કપૂર, આલિયા ભટ્ટ, મધુર ભંડારકર અને સંજય લીલા ભંસાલીને પણ બોલાવ્યા છે. આ ઉપરાંત સાઉથના મેગાસ્ટાર ચિરંજીવી, રજનીકાંત, ઋષભ શેટ્ટી, યશ, પ્રભાસ અને મોહનલલાલ સહિત અન્ય સ્ટાર્સ સામેલ છે.

# અભિનેતા રજનીકાંત અને અનુપમ ખેર અયોધ્યામાં મળ્યા

૨૨ જાન્યુઆરી, ૨૦૨૪નો દિવસ ભારત માટે બહુ ખાસ છે કારણકે આજના આ દિવસે રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ થવાનો છે જેની રાહ લોકો વર્ષોથી જોઈ રહ્યા છે. આ કાર્યક્રમમાં શામેલ થવા માટે અનેક ભારતીય હસ્તીઓને સામિલ કરવામાં આવી છે. ઘણી બધી મોટી હસ્તીઓ ઉદ્ઘાટન સમારોહ માટે રવાના થયા છે જેની તસવીરો અને વિડીયો વાયરલ થઈ રહ્યા છે. આ વચ્ચે અનુપમ ખેરે સુપરસ્ટાર રજનીકાંતની સાથે એક તસવીર શેર કરી છે જે સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહી છે. બોલિવૂડના દિગ્ગજ કલાકાર અનુપમ ખેરે સાઉથના સુપર સ્ટાર રજનીકાંત સાથે અયોધ્યામાં મુલાકાત કરીને પહેલી તસવીર શેર કરી છે. ૨૧ જાન્યુઆરીના રોજ અનુપમ ખેરે એમના એક્સ (ટ્વિટર) પર સુપર સ્ટાર રજનીકાંત સાથેની એક તસવીર શેર કરી છે. બન્ને દિગ્ગજ અભિનેતા રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં શામેલ થવા માટે પહોંચી ગયા છે. અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા પહેલાં અનુપમ ખેર અને રજનીકાંતે એકબીજા સાથે મુલાકાત કરી. તસવીર શેર કરતા અનુપમ ખેરે કેપ્શનમાં લખ્યુ છે કે શ્રી રામ જન્મ ભૂમિ, અયોધ્યામાં એમના મિત્ર અને વન એન્ડ ઓનલી સુપરસ્ટાર રજની સાથે મુલાકાત.. જય શ્રી રામ! દિગ્ગજ અભિનેતાએ અયોધ્યામાં મુલાકાત કરી અને એક જ ફ્રેમમાં ફોટો પણ ક્લિક કરાવ્યો છે જે સોશિયલ મિડીયામાં વાયરલ થઈ રહ્યો છે. બન્ને દિગ્ગજોની તસવીર સામે આવી છે. આ બન્ને એકબીજાની સાથે પોઝ આપી રહ્યા છે અને દોસ્તીની ચમક એકદમ તસવીરમાં તમે જોઈ શકો છો. અનુપમ ખેરે તસવીર શેર કરવાની સાથે-સાથે એમના જિગરી યાર અને એક્ટર રજનીકાંતના ફૂલ ટૂ વખાણ કર્યા છે. અયોધ્યાના રામ મંદિરમાં રામલલા પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમને હવે થોડો સમય બાખી છે ત્યારે બોલિવૂડ અને સાઉથ સિનેમા સુધીના અનેક સિતારાઓ રામ નગરીમાં પહોંચી ગયા છે.



# મલાઇકા અરોરા મુંબઇના બાન્દ્રા વિસ્તારમાં સલૂનની બહાર જોવા મળી

## ૫૦ વર્ષની મલાઇકા અરોરાની ફિટનેસ પર હંમેશા લોકો ફિદા થઇ જતા હોય છે, મલાઇકાની દરિયાદિલ જોઇને લોકો એના વખાણ કરી રહ્યા છે

બોલિવૂડ એક્ટ્રેસ મલાઈકા અરોરા આ દિવસોમાં ક્યાંકને ક્યાંક સ્પોટ થતી રહેતી હોય છે. પૈપરાઝી મલાઈકાની તસવીરો હટકે રીતે ક્લિક કરતા રહેતા હોય છે. હાલમાં મલાઈકા અરોરા મુંબઈના બાન્દ્રા વિસ્તારમાં જોવા મળી. મલાઈકા અરોરાની આ તસવીરો સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહી છે. મલાઈકા અરોરાના ફેન્સની ખૂબસુરતી જોઈને હંમેશા ફિદા થઈ જતા હોય છે. જો કે આ વખતે મલાઈકાએ એવું કામ કર્યુ છે જેના લોકો વખાણ કરી રહ્યા છે. મલાઈકા અરોરા સોમવારના રોજ મુંબઈના બ્રાન્દ્રાના એક સલૂનની બહાર જોવા મળી. મલાઈકા અરોરાને જોતાની સાથે પૈપરાઝી એની તસવીરો ક્લિક કરવા લાગ્યા. આ સમયે મલાઈકા મસ્ત સ્માઈલ પણ આપતી હતી. મલાઈકાની સ્માઈલ જોઈને તમે પણ ફિદા થઈ જશો. મલાઈકા અરોરાના ડ્રેસની વાત કરીએ તો એને લોઅરની સાથે સ્પોટ્સ શોર્ટ ટોપ કેરી કર્યુ હતુ. આ સાથે મલાઈકાએ કેપ પણ પહેરી હતી. ૫૦ વર્ષની મલાઈકા અરોરાની ફિટનેસ પર હંમેશા લોકો ફિદા થઈ જતા હોય છે. મલાઈકાની દરિયાદિલ જોઈને લોકો એના વખાણ કરી રહ્યા છે. મલાઈકા અરોરા જ્યારે સલૂનની બહાર સ્પોટ થઈ તો કેટલાક બાળકોએ એની ઘેરી લીધી અને ખાવા માટે પૈસા માંગ્યા. આમ, મલાઈકા બાળકોની મદદ કરીને ખુશ કરી દીધા. મલાઈકા અરોરાના આ સ્વભાવ પર લોકો ખુશ થઈ ગયા છે. મલાઈકાની આ તસવીરો જોઈને ફેન્સ વખાણ કરી રહ્યા છે. મલાઈકા અરોરા એના લવલી નેચર માટે જાણીતી છે. મલાઈકા અરોરા એના ફેન્સ સાથે હંમેશા સાથે હંમેશા સારો વ્યવહાર કરતી હોય છે. મલાઈકા અરોરાના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો આ દિવસોમાં ડાન્સિંગ રિયાલિટી શો ઝલક દિખલા જા ૧૧માં જજ છે. મલાઈકા અરોરાની સેટની તસવીરો હંમેશા સામે આવે છે. મલાઈકા અરોરાની પર્સનલ લાઈફની વાત કરીએ તો એ અર્જૂન કપૂરને ડેટ કરી રહી છે. મલાઈકા અને અર્જૂન કપૂર હાલમાં એક સાથે સ્પોટ થયા હતા. મલાઈકા અને અર્જૂનની તસવીરો હંમેશા વાયરલ થતી રહેતી હોય છે.

# પિતાને લોહીથી લથબથ જોઇને ગભરાઇ જતા હતા રોહિત શેટ્ટી



બોલિવૂડ એક્ટ્રેસ મલાઈકા અરોરા આ દિવસોમાં ક્યાંકને ક્યાંક સ્પોટ થતી રહેતી હોય છે. પૈપરાઝી મલાઈકાની તસવીરો હટકે રીતે ક્લિક કરતા રહેતા હોય છે. હાલમાં મલાઈકા અરોરા મુંબઈના બાન્દ્રા વિસ્તારમાં જોવા મળી. મલાઈકા અરોરાની આ તસવીરો સોશિયલ મિડીયામાં ખૂબ વાયરલ થઈ રહી છે. મલાઈકા અરોરાના ફેન્સની ખૂબસુરતી જોઈને હંમેશા ફિદા થઈ જતા હોય છે. જો કે આ વખતે મલાઈકાએ એવું કામ કર્યુ છે જેના લોકો વખાણ કરી રહ્યા છે. મલાઈકા અરોરા સોમવારના રોજ મુંબઈના બ્રાન્દ્રાના એક સલૂનની બહાર જોવા મળી. મલાઈકા અરોરાને જોતાની સાથે પૈપરાઝી એની તસવીરો ક્લિક કરવા લાગ્યા. આ સમયે મલાઈકા મસ્ત સ્માઈલ પણ આપતી હતી. મલાઈકાની સ્માઈલ જોઈને તમે પણ ફિદા થઈ જશો. મલાઈકા અરોરાના ડ્રેસની વાત કરીએ તો એને લોઅરની સાથે સ્પોટ્સ શોર્ટ ટોપ કેરી કર્યુ હતુ. આ સાથે મલાઈકાએ કેપ પણ પહેરી હતી. ૫૦ વર્ષની મલાઈકા અરોરાની ફિટનેસ પર હંમેશા લોકો ફિદા થઈ જતા હોય છે. મલાઈકાની દરિયાદિલ જોઈને લોકો એના વખાણ કરી રહ્યા છે. મલાઈકા અરોરા જ્યારે સલૂનની બહાર સ્પોટ થઈ તો કેટલાક બાળકોએ એની ઘેરી લીધી અને ખાવા માટે પૈસા માંગ્યા. આમ, મલાઈકા બાળકોની મદદ કરીને ખુશ કરી દીધા. મલાઈકા અરોરાના આ સ્વભાવ પર લોકો ખુશ થઈ ગયા છે. મલાઈકાની આ તસવીરો જોઈને ફેન્સ વખાણ કરી રહ્યા છે.

# પંકજ ત્રિપાઠી નાનકડી હોટલના રસોડામાં કામ કરતો હતો



આપણે વડીલોના મોઢેથી આ કહેવત સાંભળવા મળે છે કે, જેટલો વધારે સંઘર્ષ કરીએ છીએ, તેટલા વધુ સમૃદ્ધ થઈએ છીએ. આનો અર્થ એ છે કે, વ્યક્તિ તેના જીવનમાં જેટલો વધુ સંઘર્ષ કરે છે, તેટલું વધુ તેને પરિણામ મળે છે. બોલિવૂડ સ્ટાર એક્ટર પંકજ ત્રિપાઠીની કહાની પણ આવી જ છે. તેમની કારકિર્દીના પ્રારંભિક તબક્કામાં પંકજે ૩-૪ વર્ષ સુધી પટનાની મૌર્યા હોટેલમાં કિચન સુપરવાઈઝર તરીકે પણ કામ કર્યું હતું. આ દરમિયાન, તેણે ટીવી પર મનોજ બાજપેયીના ચપ્પલ સાથે જોડાયેલી એક ઘટના પણ શેર કરી હતી. ગેંગ્સ ઑફ વાસેપુરના 'કુરેશી' અને મિર્ઝાપુરના 'કાલીન ભૈયા' તરીકે પોતાની અભિનય ક્ષમતા સાબિત કરનાર પંકજ જ્યારે હોટેલ મૌર્યમાં કિચન સુપરવાઈઝર હતો, ત્યારે મનોજ બાજપેયી એક સમયે આ જ હોટલમાં રોકાયા હતા. ગેંગ્સ ઑફ વાસેપુરના 'કુરેશી' અને મિર્ઝાપુરના 'કાલીન ભૈયા' તરીકે પોતાની અભિનય ક્ષમતા સાબિત કરનાર પંકજ જ્યારે હોટેલ મૌર્યમાં કિચન સુપરવાઈઝર હતો, ત્યારે મનોજ બાજપેયી એક સમયે આ જ હોટલમાં રોકાયા હતા. હોટલ મૌર્યાના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર બીડી સિંહ કહે છે કે, તે દિવસોમાં પંકજ સંઘર્ષ કરી રહ્યો હતો. અહીંના રસોડામાં સુપરવાઈઝર તરીકે તેઓ રાત્રે પોતાની જવાબદારી નિભાવતા હતા અને દિવસ દરમિયાન ઘણીવાર થિયેટર કરતા હતા. બીડી સિંહના કહેવા પ્રમાણે, પંકજે માત્ર નાઈટ ડ્યુટી કરવાનું પસંદ કર્યું હતું. કામ શીખતી વખતે તેને મહિને ૮ થી ૧૨ હજાર રૂપિયા સુધીનો પગાર મળતો હતો.

# કચ્છમાં મતદાન જાગૃતિ માટે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અમિત અરોરાએ EVM ડેમોન્સ્ટ્રેશન વાનને કરાવ્યું પ્રસ્થાન

## ઓડિયો-વિઝ્યુઅલ વ્યવસ્થાથી સજ્જ-EVM ડેમોન્સ્ટ્રેશન સાથેની ૦૨ વાનથી લોકજાગૃતિ અર્થે કચ્છમાં નિદર્શન કરાશે

। (માહિતી) ભુજ, તા.૨૨ ।

આગામી લોકસભાની ચૂંટણીમાં કચ્છમાં મહત્તમ મતદાન થાય તે માટે નાગરિકોમાં જાગૃતિ કેળવવા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમિત અરોરા દ્વારા ફ્લેગ ઑફ કરી EVMના લાઈવ ડૅમોન્સ્ટ્રેશન અને ઑડિયો-વિઝ્યુઅલની વ્યવસ્થાથી સજ્જ 02 LED વાનને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. કચ્છમાં જાગૃતિ વાન દ્વારા નિશ્ચિત રૂટ ઉપર EVMના લાઈવ ડૅમોન્સ્ટ્રેશનની સાથે સાથે મતદારોને પોતાના મતાધિકારના ઉપયોગ અંગે પ્રેરિત કરશે. મતદારો મતદાનથી વંચિત ન રહી જાય તે માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા તાજેતરમાં જ મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ દરમિયાન મતદાર નોંધણીની ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. મતદારોમાં મતદાન પ્રત્યે ઉદાસીનતા દૂર કરવા માટે તથા મતદાન જાગૃતિ માટે SVEEP એક્ટિવિટી હાથ ધરવામાં આવે છે. જેના ભાગરૂપે કચ્છમાં મોબાઈલ વાન, મતદાન જાગૃતિ માટે મતદાન મથકોએ જઈને મતદાન જાગૃતિ માટે પ્રચાર પ્રસાર કરશે. જિલ્લા કલેકટરશ્રીની કચેરી ખાતે વાનના પ્રસ્થાન પ્રસંગે નિવાસી અધિક કલેકટર શ્રી મિતેશ પંડ્યા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પાર્થ ગોસ્વામી સહિતના અધિકારીશ્રીઓએ EVM ડેમોસ્ટ્રેશન મતદાર જાગૃતિ વાનને પ્રસ્થાન કરાવ્યું હતું.

# ગંગારામ ચેરીટેબલ ટ્રસ્ટ અને વિશ્વમ આર્ટ્સ ટ્રસ્ટનુ સહીયારુ આયોજન મહા પ્રસાદ વિતરણ



। અમદાવાદ, તા.૨૨ ।

જય શ્રી રામ ગંગારામ ચેરિટેબલ ટ્રસ્ટ અને વિશ્વમ આર્ટસ ટ્રસ્ટનું સૈહીયારુ આયોજન ૨ ૨ મી જાન્યુઆરીના રોજ સોમવારે પ્રભુ શ્રી રામજીના પ્રાણ પ્રતિષ્ઠા ના દિવસે સવારે ૧૦:૩૦ વાગે આરતીનું આયોજન કરવામાં આવે, શાંતમ્ એવન્યુ. વિશ્રામ નગર બસ સ્ટેન્ડ, ગુરુકુળ રોડ શ્રી રામજી ની આરતી ભવ્યાતિભવ્ય સરસ રીતે કરવામા આવી, આરતી પૂર્ણ થયા બાદ બધા જ લોકોને મહાપ્રસાદ તરીકે શી-રો અને શબરીના બોર આપવામાં આવ્યા હતા. ખાસ્સી ભીડ સાથે અનેક લોકો આ આરતીમાં સામેલ રહ્યા હતા અને આ ટ્રસ્ટના આ દરેક કાર્યોને હંમેશા લોકોને સરહાના મળતી હોય છે, આટલા સુંદર આયોજન બદલ તેમના ટ્રસ્ટીઓને તથા વિવેકભાઈ શાહને અને રૂપલ બેન અને પૂજા બેન ની લોક સેવા ને બિરદાવી હતી.

# ઝાલોદ નગર શ્રી રામના જય જયકાર સાથે ગુંજી ઉઠયા

# શ્રી રામના રાજ્યાભિષેકને મંદિરોમાં ઘંટનાદ સાથે જનમેદની એ વધાવી એક બીજાને રામરાજ્યની શુભકામના આપતા જોવા મળ્યા

## આખું નગર બન્યું રામમય : રામ ભગવાનના ભવ્યાતિભવ્ય રીતે આગમનની ઐતિહાસિક ક્ષણના સાક્ષી બની લોકો ભાવુક જોવા મળ્યા









તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૨ ।

તારીખ ૨૧-૦૧-૨૦૨૪ ના રોજ ઝાલોદ નગરના શહીદ રાજેશ ચોક ખાતે રામ જાગરણ દ્વારા ભવ્યાતિભવ્ય ભવ્ય રીતે રામ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીને નગરજનોએ વધાવી લીધું. નગરના સહુ સનાતન હિન્દુ સંસ્કૃતિ સાથે જોડાયેલ સહુ લોકોમાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળતો હતો. આખું ઝાલોદ નગરમાં દિવાળી પછી પણ ભવ્ય રીતે ઉજવાયલી મોટી દિવાળીની ઉજવણી લોકો દ્વારા કરવામાં આવી હતી. આખું નગર અયોધ્યા હોય તેમ મારું નગર અયોધ્યા ધામ અંતર્ગત લાઈટ, રોશનીની ઝગમગાહટ થી શોભિ ઉઠયું હતું. રાત્રી દરમિયાન નગરના સહુ હિન્દુ સનાતન ધર્મ સાથે સંકળાયેલા લોકોના ઘરની બહાર દીપોત્સવ ,રંગોળી, તોરણ દ્વારા શ્રી રામના આગમનને વધાવતા જોવા મળતા હતા. નગરમાં ઠેર ઠેર મંદિરોમાં ભવ્યાતિભવ્ય રીતે શણગાર રોશની, રંગોળી તેમજ વણકતલાઈ મંદિરે મોટી એલ.ઈ.ડી સ્ક્રીન પર રામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને નગરજનો એ નિહાળ્યો હતો અને રામ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થતાં આખાં વાતાવરણને શ્રી રામના જયઘોષ સાથે વધાવી લીધું હતું. નગરના દરેક સર્કલ પર રંગોળી એ પણ સહુનું આકર્ષણ બની હતી.

તારીખ ૨૨-૦૧-૨૦૨૪ સોમવારના વહેલી સવારે નગરમાં શ્રી રામધૂન સાથે નગરમાં પ્રભાત ફેરી કાઢવામાં આવેલ હતી. રામના ભવ્ય આગમનને વધાવવા આખું નગર સ્વયંભૂ બંધ જોવા મળતું હતું. મુવાડા રામજી મંદિર ખાતે બે દિવસ થી ચાલતી રામચરિત માનસમાં પણ મોટા પ્રમાણમાં લોકો જોડાયા હતા. ખૂબ સુંદર રીતે મુવાડા રામજી મંદિરમાં સજાવટ આંખોમાં સમાઈ જાય તેવી જોવા મળતી હતી. મુવાડા પાટીદાર સમાજ દ્વારા રામચરિત માનસની પૂર્ણાહુતિ કરી ઘંટનાદ સાથે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને નિહાળ્યો હતો. સાથે સાથે ઉપસ્થિત સહુ લોકો માટે મહાપ્રસાદની સુંદર વ્યવસ્થા સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

સવારે ૧૦ વાગે રાષ્ટ્ર સેવિકા સમિતિની બહેનોની આગેવાની હેઠળ નગરમાં મહિલા સ્કૂટર રેલીનું આયોજન શબરી આશ્રમ થી શરૂ કરી આખાં નગરમાં રામપતાકા સાથે કરવામાં આવેલ હતું. મહિલાઓની સ્કૂટર રેલીનું નવીન આયોજનને નગરજનો એ આવકાર્યો હતો. મહિલાઓ દ્વારા જય શ્રી રામના નારા સાથે બાઈક રેલી કાઢી આખા નગરને રામમય બનાવી દીધું હતું. નગરમાં પ્રથમ વાર મહિલાઓને પ્રાધાન્ય આપી સ્કૂટર રેલી કાઢવામાં આવેલી તેમાં ખૂબ મોટા પ્રમાણમાં મહિલાઓ સાથે પુરુષો પણ જોડાયા હતા.

સવારે જૈન સમાજ દ્વારા નગરજનો માટે અલ્પાહારની વ્યવસ્થા શહીદ રાજેશ ચોક ખાતે કરી હતી. જેમ જેમ પ્રાણ પ્રતિષ્ઠાનો સમય નજીક આવતો જતો હતો તેમ તેમ નગરમાં સહુ સનાતની હિન્દુ લોકો નજીકના મંદિરે જઈ રામધૂન સાથે વાતાવરણ રામમય કરી દીધું હતું. જુદી જુદી જગ્યાએ સહુ લોકોએ એલ.ઈ.ડી સ્ક્રીન સાથે રામ પ્રતિષ્ઠા મહોત્સવની ઐતિહાસિક પળના સાક્ષી બની પોતાને સૌભાગ્યશાળી માનતા હતા. પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થતાં દરેક મંદિરો ઘંટનાદ અને શંખનાદ થી ગુંજી ઉઠયા હતા તેમજ શ્રી રામના ગગનભેદી જય જયકાર ઠેર ઠેર સાંભળવા મળતા હતા. દરેક મંદિરોમાં પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થતાં મહા આરતી કરવામાં આવી હતી અને દરેક મંદિરોના ધાર્મિક પ્રોગ્રામનો લ્હાવો લોકો માણતા જોવા મળતા હતા. વણકતલાઈ હનુમાનજી મંદિરે પણ મોટી સ્ક્રીન પર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ જોઈ લોકોના ચહેરા પર અનેરો આનંદ જોવા મળતો હતો. પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થતાં મંદીરમા આરતી કરવામાં આવી હતી. આખા નગરમાં પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત મહાપ્રસાદનું આયોજન વણકતલાઈ હનુમાનજી મંદિરે કરવામાં આવ્યું હતું. આખું નગર વણકતલાઈ મંદિરે મહાપ્રસાદનો લાભ લેવા આવેલ જોવા મળતું હતું.

આરતી મહાપ્રસાદ પછી નગરના સહુ લોકો ગીતા મંદિરે ઉમટી પડેલ હતા અને ત્યાંથી નગરમાં રામયાત્રા બપોરે ૨ વાગે કાઢવામાં આવી હતી. નગર સંપૂર્ણ બંધ હોવાથી શોભાયાત્રા પણ નગરજનો મોટા પ્રમાણમાં જોડાયા હતા. આખી શોભાયાત્રામાં લહેરાતી રામધજા તેમજ ધાર્મિક ભજનોએ નગરને ભક્તિમાં રંગી દીધું હતું. શોભાયાત્રાના રૂટ મુજબ દરેક વિસ્તારોમાં શોભાયાત્રાનું ફૂલહાર સાથે સ્વાગત કરવામાં આવતું હતું તેમજ વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રામાં જોડાયેલ લોકો માટે સેવાકીય સ્ટોલ પણ જોવા મળતા હતા. આ શોભાયાત્રા નગરના વિવિધ રૂટ થકી વણકતલાઈ હનુમાનજી મંદિરે સંપન્ન કરવામાં આવી હતું.

સાંજે લુહારવાડા મિત્ર મંડળ દ્વારા નગરના અયોધ્યા ખાતે શહીદ થયેલ રાજેશ સોનીના નિવાસસ્થાને ફટાકડાની ભવ્ય આતસબાજી કરી હતી અને ગરબા પણ ઘૂમ્યા હતા. આખો દિવસ ભક્તિના રંગ થકી અવિસ્મરણીય પ્રોગ્રામો યોજાયા હતા જેમાં સહુ નગરજનો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

નગરમાં આ ઐતિહાસિક પળની સાક્ષી બનવા દાહોદ જિલ્લા ભાજપ કોષાધ્યક્ષ પંકજ અગ્રવાલ તેમજ પૂર્વ દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા પણ વિશેષ હાજર રહેલ હતા. ઝાલોદ પોલીસ દ્વારા નગરમાં સતત પેટ્રોલીંગ કરી સુંદર વ્યવસ્થા જાળવી રાખી હતી.

# કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ધુતારપુર ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરાયું

## ધુતારપુર ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી અપગ્રેડ કરવામાં આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્રની નવી બિલ્ડિંગનું રૂ.૪ કરોડના ખર્ચે ૧૫૯૩ ચોરસ મીટર વિસ્તારમાં બાંધકામ થશે

। (માહિતી) જામનગર, તા.૨૨ ।

રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે જામનગર જિલ્લાના ધુતારપુર ગામે સ્વામીનારાયણ મંદિરની બાજુમાં સામુહિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરતા જણાવ્યું હતું કે, વિશ્વની સૌથી મોટી આરોગ્યલક્ષી સુવિધા પ્રધાનમ જન આરોગ્ય યોજના ભારતમાં લાગુ છે. આયુષ્માન કાર્ડ થકી જરૂરિયાતમંદોને રૂ.૧૦ લાખ સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. બે વર્ષ પહેલા જ કોરોનાએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો હતો ત્યારે ભારત દેશે ટુંકા ગાળામાં કોરોના રસી બનાવી વિનામૂલ્યે વેક્સિનેશનનું મહાઅભિયાન ચાલુ કર્યું એટલું જ નહીં વિશ્વના અન્ય દેશોમાં પણ ભારતની કોરોના વેક્સીન પહોચી છે. કોરોનાના કપરા કાળમાં જામનગરની જીજી હોસ્પિટલ સહીત અન્ય દવાખાનાઓમાં પણ લોકોને સારવાર આપવામાં આવી હતી. કોરોના ક્ષેત્રે જામનગર જિલ્લાના



ધુતારપુર આરોગ્ય કેન્દ્ર દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી હતી. આ સામુહિક આરોગ્ય કેન્દ્ર વર્ષ ૨૦૧૬માં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માંથી અપગ્રેડ કરવામા આવ્યુ છે. અને લોકોની માંગ તેમજ જરૂરિયાતોને પહોચી વળવા માટે સામુહિક આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડિંગના બાંધકામનું ખાતમુહૂર્ત થયું છે. જે નિર્માણ પામવાથી લોકોને અત્યાધુનિક સુવિધાઓનો લાભ મળી રહેશે. અગાઉ લોકોને સારવાર માટે દૂર સુધી ધક્કા ખાવા પડતા હતા. સગર્ભાઓને સમયસર સારવાર ન મળતા તેમના અને નવજાતના મૃત્યુદરમાં વધારો હતો. પરંતુ હવે તેઓને તાત્કાલિક સારવાર મળી રહેતા માતૃ મૃત્યુદર અટકાવી શકાયો છે.

# આજે પનાસમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નવા વહીવટી ભવનનું લોકાર્પણ થશે

। (માહિતી) સુરત, તા.૨૨ ।

સુરતના પનાસ ખાતે નવસારી કૃષિ યુનિવર્સિટી સંલગ્ન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના નવા વહીવટી ભવનનું તા.૨૩મીએ સવારે ૧૦.૦૦ વાગ્યે નવસારી કૃષિ યુનિ, ના વાઈસ ચાન્સેલર શ્રી ઝેડ.પી.પટેલના હસ્તે લોકાર્પણ થશે. આ વહીવટી બિલ્ડિંગમાં અધિકારીઓ અને કર્મચારીઓની ચેમ્બર ઉપરાંત વિશેષ ૧૫ સ્ટોલ પર મધમાખી ઉછેર પ્રાકૃતિક ખેતી, મિલેટસ, પશુપાલન, નર્સરી અને ડ્રોન ટેક્નોલોજી સહિતની કૃષિ પદ્ધતિઓનું ખેડૂતોને માર્ગદર્શન અપાશે. આ કેન્દ્ર સાથે સુરત અને આજુબાજુના વિસ્તારના એક લાખ જેટલા ખેડૂતો જોડાયેલા છે. જેમને સીધો લાભ મળશે.

# અમદાવાદ-હિંમતનગર સેક્શનના ઓમ નગર પાસે આવેલ રેલવે ક્રોસિંગ નંબર 3 પર બન્ને બાજુના રસ્તાઓ બંધ રહેશે

। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ ડિવિઝન પર અમદાવાદ-હિંમતનગર સેક્શન વચ્ચે ઓમનગર નજીક સ્થિત રેલ્વે ક્રોસિંગ નંબર ૩ ની બન્ને બાજુના રસ્તાઓ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૪ થી LHS (લિમિટેડ હાઈટ સબવે) બાંધકામને કારણે કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી બંધ રહેશે. આ સમય દરમિયાન રોડ યુઝર્સ ROB નં. ૨૭ કિમી ૪૦૮/૧-૨ (ચામુંડા રેલ્વે ઓવર બ્રિજ) અને ROB નં. ૪૭ કિમી ૪૦૫/૭-૯ (મેમ્કો રેલ્વે ઓવર બ્રિજ) થી મુસાફરી કરી શકે છે.

# ડાંગ જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઇ

# ઇન્ચાર્જ કલેક્ટર બી.બી.ચૌધરીના અધ્યક્ષ સ્થાને સાપુતારા ખાતે સંકલન સમિતિની બેઠક યોજાઇ

। (માહિતી) ડાંગ, તા.૨૨ ।

રાજ્યના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે ડાંગના ઈન્ચાર્જ કલેક્ટર શ્રી બી.બી. ચૌધરીના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. ડાંગ જિલ્લા સંકલન સમિતિની બેઠકને સંબોધતા શ્રી ચૌધરીએ આગામી દિવસોમાં યોજાનાર ૨૬મી જાન્યુઆરીને લગતા કાર્યક્રમ અંગે સોંપાયેલી કામગીરી સુપેરે પાર પાડવા સાથે ટેબલો અને પ્રદર્શન માટે સંબંધિત કચેરીઓને સત્વરે માહિતી પુરી પાડવા સૂચના આપી હતી. સાથે તેમજ આહવા-બોરખેત, વઘઈ-ઝાવડા, આહવા-ઘોઘલી રોડ જેવા જાહેર રસ્તા ઉપર ઘન કચરા નિકાલની કામગીરી કરવા અંગે પણ સૂચન કર્યું હતું. એસ્પીરેશનલ બ્લોક સુબિર તાલુકાના આંગણવાડીઓમા બાળકોના વજન કરવામાં ભૂલ ન થાય તે માટે આંગણવાડી કાર્યકર અને તેડાગરોને પોતાની કામગીરીમા ચોકસાઈ રાખવાની પણ તેમણે આ વેળા સૂચના આપી હતી.

જિલ્લાના પ્રવાસન સ્થળોએ ગૃહમંત્રીશ્રી દ્વારા સ્વછતાની પહેલ કરવામાં આવી છે. ત્યારે દરેક અધિકારી, કર્મચારીઓ સ્વછતા ઝુંબેશમા જોડાઈ, જોવા લાયક સ્થળોએ પર્યટકો આવતા હોય ત્યારે,



તેઓ કચરો ગમે ત્યા ના ફેંકે અને સ્વછતા બાબતે વહીવટી તંત્ર દ્વારા ધ્યાન રાખવા માટેની સમિતિના તમામ સભ્યોને તાકીદ કરી હતી. સાપુતારા ખાતે યોજાયેલ જિલ્લા સંકલન સમિતિની બેઠકમા, સમિતિના નિયમિત મુદ્દાઓ એવા સરકારી લેણાની બાકી વસુલાત, પડતર તુમાર, પેંશન કેસ, માહિતી અધિકાર અધિનિયમ, નાગરિક અધિકાર પત્ર, સ્વચ્છતા મિશન અંતર્ગત કંડમ વાહનો અને રદ્દી પસ્તીનો નિકાલ, જિલ્લાના જુદા જુદા વિભાગો વચ્ચેના પ્રશ્નો, પંચાયત ઈન્ડેક્સ, સરકારી વાહનોના નિકાલની કાર્યપદ્ધતિ, સી.એમ.ડેશબોર્ડ, ગ્રામસભા અને સ્વાગત કાર્યક્રમના પ્રશ્નો વિગેરેની પણ સૂક્ષ્મ સમીક્ષા હાથ ધરી, જિલ્લા અધિકારીઓને માર્ગદર્શન અપાયું હતુ.

# જેતપુર તાલુકા કક્ષાનો ૭૫મો પ્રજાસત્તાક પર્વ ઉમરાળી ગામે ઉજવાશે

। (માહિતી) રાજકોટ, તા.૨૨ ।

આગામી પ્રજાસત્તાક પર્વ ૨૬ મી જાન્યુઆરીની ઉજવણી સમગ્ર દેશમાં ઉત્સાહભેર થવાની છે ત્યારે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં તાલુકા કક્ષાનો કાર્યક્રમ ઉમરાળી ગામે યોજાશે. ૭૫માં પ્રજાસત્તાક પર્વ નિમિત્તે તા. ૨૬ જાન્યુઆરી,૨૦૨૪ ના રોજ સવારે ૦૯.૦૦ કલાકે જેતપુર ગ્રામ્ય મામલતદાર શ્રી એ. પી. અંટાળાના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવશે. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે સરકારી બિલ્ડીંગો તથા જાહેર સ્થળો ઉપર રોશનીનો ઝગમગાટ પણ કરવામાં આવશે. કાર્યક્રમ સ્થળે પરેડ, ધ્વજ વંદન, સાંસ્કૃતિક કાર્યક્રમો, ઈનામ વિતરણ, વિવિધ વિભાગો દ્વારા ટેબલો નિદર્શન, વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે. તેમજ કાર્યક્રમ સ્થળે મેડિકલ ટીમ તેમજ એમ્બ્યુલન્સની વ્યવસ્થા પણ કરવામાં આવી છે તેમ જેતપુર તાલુકા વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે પરિવારના તબીબી ખર્ચમાં વધરાની શક્યતા નકારી શકાય નહીં. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે? બાળકોનું ઘરકામ પૂરૂં કરવા મદદનો હાથ લંબાવવાનો સમય. રૉમેન્ટિક યાદો તમારા દિવસ પર કબજો જમાવશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. કેટલાક માટે નવો રૉમાન્સ ચોક્કસ જણાય છે-તમારો પ્રેમ તમારા જીવનને ખીલવશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે? ધન ચોરી થવા ની શક્યતા છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. આજે ધન લાભ થવાની શક્યતા તો છે જ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. પ્રેમના દેવદૂત તમારા જીવનમાં પ્રેમનો વરસાદ વરસાવવા તમારી તરફ આવી રહ્યા છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે. પ્રેમના અતિઆનંદને માણો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે જેમ છો તેમ જ રહેજો કેમ કે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવાનો આવશે-એ તમને ગંભીર મુશ્કેલીમાં મૂકી શકે છે. ખાસ કરીને તમારો ગુસ્સો, કેમ કે તે ક્ષણિક પાગલપનથી વિશેષ કંઈ નથી. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. તમારી જાતને મોટા ગ્રુપ સાથે સાંકળવાની પ્રવૃત્તિ ખૂબ જ મનોરંજક સાબિત થશે- પણ તમારો ખર્ચ ખાસ્સો વધી જશે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે.

# મોડી રાત્રે ગોધરા સબ જેલમાં તમામ ૧૧ દોષિતોએ કર્યું આત્મસમર્પણ

## ફેબ્રુઆરી ૨૦૦૨માં ગોધરા ટ્રેનના એસ-૬ ડબ્બામાં આગ લગાવીને સળગાવ્યા બાદ ગુજરાતમાં ફાટી નીકળેલા ભયાનક કોમી રમખાણો સમયે બિલકીસ બાનો પાંચ મહિનાની ગર્ભવતી હતી

। (એજન્સી) ગોધરા, તા.૨૨ ।

સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ધારિત સમયમર્યાદાને પગલે, બિલકીસ બાનો કેસના તમામ ૧૧ દોષિતોએ, ગઈકાલ રવિવારે મોડી રાત્રે ગુજરાતના પંચમહાલ જિલ્લાની ગોધરા સબ જેલમાં આત્મ સમર્પણ કર્યું હતું. લોકલ ક્રાઈમ બ્રાન્ચના ઈન્સ્પેક્ટર એન.એલ. દેસાઈએ જણાવ્યું હતું કે તમામ ૧૧ દોષિતોએ રવિવારે મોડી રાત્રે જેલ સત્તાવાળાઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું છે. આ કેસમાં ગુજરાત સરકાર દ્વારા ૧૧ દોષિતોને આપવામાં આવેલી માફી રદ કરીને સુપ્રીમ કોર્ટે ૮ જાન્યુઆરીએ મહત્વનો ચુકાદો આપ્યો હતો. આ સાથે, કોર્ટે ૨૦૨૨ માં સ્વતંત્રતા દિવસ પર સજામાંથી મુક્ત થયેલા દોષિતોને બે અઠવાડિયામાં જ આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો.

થોડા દિવસો પહેલા સુપ્રીમ કોર્ટે ગુનેગારોને આત્મસમર્પણ માટે વધુ સમય આપવા અંગેની અરજીને ફગાવી દીધી હતી અને તેમને રવિવાર સુધીમાં આત્મસમર્પણ કરવાનું કહ્યું હતું. આ ૧૧ દોષિતોમાં બકાભાઈ વહોનિયા, બિપિન ચંદ્ર જોશી, કેસરભાઈ વહોનિયા, ગોવિંદ, જસવંત, મિતેશ ભટ્ટ, પ્રદીપ મોરઢીયા, રાધેશ્યામ શાહ, રાજુભાઈ સોની, રમેશ



અને શૈલેષ ભટ્ટનો સમાવેશ થાય છે. ફેબ્રુઆરી ૨૦૦૨માં ગોધરા ટ્રેનના એસ-૬ ડબ્બામાં આગ લગાવીને સળગાવ્યા બાદ ગુજરાતમાં ફાટી નીકળેલા ભયાનક કોમી રમખાણો સમયે બિલકીસ બાનો પાંચ મહિનાની ગર્ભવતી હતી. રમખાણોથી બચવાનો પ્રયાસ કરતી વખતે, તેણી પર સામૂહિક બળાત્કાર આચરવામાં આવ્યો હતો અને તેની ત્રણ વર્ષની પુત્રી સહિત તેના પરિવારના સાત સભ્યોની નિર્મમ હત્યા કરવામાં આવી હતી.

# ઝી અને સોની મર્જરની ૧૦ બિલિયન ડોલરની ડીલ રદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સોની ગ્રુપે ઝી એન્ટરટેઈનમેન્ટ સાથે ૧૦ બિલિયન ડોલરની ડીલ રદ કરવાનો નિર્ણય કર્યો છે. સોની ગ્રુપ તેના ભારતીય બિઝનેસને ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝ સાથે મર્જ કરવાનો પ્રસ્તાવ કર્યો હતો. આ જાણકારી સોની ગ્રુપ કોર્પોરેશન દ્વારા વેબસાઈટ પર આપવામાં આવી છે. સોમવારે ન્યૂઝ એજન્સી બ્લૂમબર્ગે તેના એક અહેવાલમાં ડીલ રદ કરવા અંગે કહ્યું હતું. ઝી એન્ટરટેઈનમેન્ટ એન્ટરપ્રાઈઝ દ્વારા પણ આ સંદર્ભે એક નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે, ડીલ રદ કર્યા બાદ સોની કરારના ઉલ્લંઘન માટે ૯૦ મિલિયન ડોલરની ટર્મિનેશન ફીની માગ કરી રહી છે. તેમણે આગળ જણાવ્યું કે, તેઓ સોનીના આ દાવાને નકારી કાઢે છે અને તેના માટે ઉપલબ્ધ વિકલ્પો પર વિચાર કરી રહી છે. સોની ગ્રુપ દ્વારા આ ડીલ રદ કરવાના સમાચાર એવા સમયે આવી રહ્યા છે જ્યારે ઝી એન્ટરટેઈનમેન્ટે તાજેતરમાં એક નિયમનકારી ફાઈલિંગમાં જણાવ્યું હતું કે તે, કલવર મેક્સ એન્ટરટેઈનમેન્ટ સાથે ૧૦ બિલિયન ડોલરની ડીલ સફળતા પૂર્વક પૂર્ણ કરવાનો પ્રયત્નો કરી રહી છે. કલવર મેક્સ એન્ટરટેઈનમેન્ટનું જૂનું નામ Sony Pictures Entertainment છે. ૧૯ જાન્યુઆરીના રોજ, ઢઈઈન્એ જણાવ્યું હતું કે, અમે જણાવી રહ્યા છીએ કે અમે સોની સાથે મર્જર કરવા માટે પ્રતિબદ્ધ છીએ અને આ પ્રસ્તાવને પૂર્ણ કરવા માટે કામ કરી રહ્યા છીએ. આ ડીલની સફળતા માટે અમે સોની સાથે વાતચીત કરી રહ્યા છીએ. બ્લૂમબર્ગે થોડા દિવસ પહેલા એક અહેવાલમાં કહ્યું હતું કે, સોની આ ડીલ રદ કરવા પર વિચાર કરી રહી છે. મર્જર બાદ નવી કંપનીમાં નેતૃત્વને લઈને બંને પક્ષો વચ્ચે કોઈ સહમતિ બની રહી ન હતી.

### પાડોશી દેશ પાકિસ્તાનમાં એક એવું રામ મંદિર

# પાકિસ્તાનમાં રામ મંદિરની પુજા કરવા હિન્દુઓને મંજૂરી નથી

## ભગવાન શ્રી રામ તેમના વનવાસ દરમિયાન ૧૪ દિવસ સુધી લક્ષ્મણ અને માતા સીતા સાથે આ સ્થાન પર રહ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

આ સમયે સમગ્ર ભારત રામમય બની ગયું છે. આજે એટલે કે ૨૨ જાન્યુઆરી (સોમવાર) હિન્દુ ધર્મ માટે એક મોટો દિવસ છે. આજે અયોધ્યામાં રામ મંદિરનો અભિષેક થવા જઈ રહ્યો છે. આ માટેની તૈયારીઓ ઘણા દિવસોથી ચાલી રહી હતી અને ધાર્મિક વિધિઓ પણ શરૂ થઈ ગઈ હતી. અયોધ્યા એક એવા શહેરમાં ફેરવાઈ ગઈ છે જે દરેક ખૂણામાં ભગવાન રામના જીવનને પ્રતિબિંબિત કરે છે. હિન્દુ ધર્મના મૂળ ભારતના પાડોશી દેશ પાકિસ્તાનમાં પણ ફેલાયેલા છે. સનાતન ધર્મમાં માનતા હિન્દુઓ પણ ત્યાં રહે છે. તેઓ પણ શ્રી રામ મંદિર ખોલવા માટે ઉત્સાહિત છે. અહેવાલ મુજબ પાકિસ્તાનમાં પણ રામ મંદિર છે. આ રામ મંદિર ઈસ્લામાબાદના મારગલ્લા હિલ્સમાં આવેલું છે. આ મંદિર ઘણું જૂનું છે. તે ૧૬મી સદીમાં બાંધવામાં આવ્યું હતું. આ મંદિર રામ કુંડ મંદિર તરીકે ઓળખાય છે. જો કે, હિંદુઓને અહીં પૂજા કરવાની મંજૂરી નથી અને મૂર્તિઓ હટાવી દેવામાં આવી છે. પાકિસ્તાનના સાદીપુરમાં રામ મંદિરનું હેરિટેજ માળખું હજુ પણ અસ્તિત્વમાં છે. આજકાલ તે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. રામ મંદિરમાં મોટી સંખ્યામાં લોકો આવે છે. ઈસ્લામાબાદમાં હિમાલયની તળેટીમાં આવેલું આ નાનકડું ૧૬મી સદીનું મંદિર હિન્દુ ભગવાન રામના મંદિર તરીકે બનાવવામાં આવ્યું હતું. આ વિશે એક લોકપ્રિય વાર્તા પણ છે. એવું માનવામાં આવે છે કે ભગવાન શ્રી રામ તેમના વનવાસ દરમિયાન ૧૪ દિવસ સુધી લક્ષ્મણ અને માતા સીતા સાથે આ સ્થાન પર રહ્યા હતા. એવું માનવામાં આવે છે કે શ્રી રામે આ મંદિર સાથે જોડાયેલા તળાવનું પાણી પીધું હતું. જેના કારણે આ તળાવનું મહત્વ વધુ વધી જાય છે.

### પ્રાણ પ્રતિષ્ઠા પહેલા મહારાષ્ટ્રે રામ લલ્લાને આપી ખાસ ભેટ

# સિયાવર રામચંદ્ર કી જય લખીને બનાવ્યો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ

## રાજ્ય મંત્રી સુધીર મુનગંટીવારની હાજરીમાં અહીંના ચંદા ક્લબ મેદાનમાં આ કાર્યક્રમ યોજાયો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

રામલલાના જીવનના અભિષેકને લઈને દેશભરમાં ઉજવણીનો માહોલ છે. લોકો રામની ભક્તિમાં ડૂબેલા જોવા મળે છે. તેઓ તેમની લાગણીઓ અનુસાર તેમની શ્રદ્ધા વ્યક્ત કરી રહ્યા છે. આવું જ એક દ્રશ્ય શનિવારે મહારાષ્ટ્રના ચંદ્રપુર શહેરમાં જોવા મળ્યું. સોમવારે અયોધ્યાના રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને ધ્યાનમાં રાખીને, ચંદ્રપુર શહેરના એક મેદાન પર હિન્દી ભાષાના વાક્ય 'સિયાવર રામચંદ્ર કી જય'નું પ્રતિનિધિત્વ કરવા (લખવા) માટે ૩૩૨૫૮ દીવા પ્રગટાવીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. રાજ્ય મંત્રી સુધીર મુનગંટીવારની હાજરીમાં અહીંના ચંદા ક્લબ મેદાનમાં શનિવારે રાત્રે આ કાર્યક્રમ યોજાયો હતો. મિલિંદ વર્લેકર અને ગિનિસ વર્લ્ડ રેકોર્ડના પ્રસાદ કુલકર્ણીએ રવિવારે




સવારે મુનગંટીવારને આ સિદ્ધિ સંબંધિત પ્રમાણપત્રો સોંપ્યા. અહીં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી પબ્લિક રીડિંગ હોલમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં આતશબાજી પણ કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર સરકારે અયોધ્યામાં રામ લલ્લાના અભિષેકની ઉજવણી માટે ૨૨ જાન્યુઆરીએ જાહેર રજા જાહેર કરી છે. તમને જણાવી દઈએ કે કેબિનેટ મંત્રી અને બીજેપીના વરિષ્ઠ નેતા મંગલ પ્રભાત લોઢાએ જાહેર રજાની માંગ કરી હતી, સરકારે આ નિર્ણય લીધો હતો.

### માતા સીતાએ એક નર અને માદા પોપટ રાખ્યા હતો

# નર પોપટે માતા સીતાને આપ્યો હતો શ્રાપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ભારતભરના સનાતનીઓ ખૂબ જ ખુશ છે, કારણ કે ૫૦૦ વર્ષો બાદ રામ લલ્લા તેમના નિજ મંદિરમાં પ્રવેશ કરવા જઈ રહ્યા છે. જેના ભાગ રૂપે ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યા ખાતે રામ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠાનો સમારોહ યોજાવા જઈ રહ્યો છે. આમ તો અપને સૌ રામાયણ સિરિયલ જોઈ હોવાથી ભગવાન રામ અને સીતાજીના વિવિશ જીવન પ્રસંગો વિશે જાણીએ છીએ. પરંતુ મોટાભાગના લોકોને સીતાજીનો જન્મ કેવી રીતે થયો હતો? રાજા જનકની પુત્રીનું નામ 'સીતા' કેમ રાખવામાં આવ્યું? માતા સીતાની ઉત્પત્તિ કેવી રીતે થઈ? પોપટે માતા સીતાને શા માટે અને શા માટે શ્રાપ આપ્યો? આવી કેટલીક ખાસ બાબતો વિશે નથી જાણતા. ત્યારે આજે આ લેખ દ્વારા અમે તમારા આ તમામ પ્રશ્નોનો જવાબ આપવા જઈ રહ્યા છીએ. પૌરાણિક માન્યતા અનુસાર, એકવાર માતા સીતાએ પોતાની સાથે એક નર અને માદા પોપટ રાખ્યા હતો. કહેવાય છે કે તેમાંથીએક માદા પોપટનું કેટલાક કારણોસર મૃત્યુ થયું હતું. જ્યારે માદા પોપટનું મૃત્યુ થયું, ત્યારે નર પોપટે સીતાજીને શ્રાપ આપ્યો હતો. નર પોપટે માતા સીતાને શ્રાપ આપ્યો કે જે રીતે તેને તેના જીવનસાથીથી છૂટા પાડવાનું દુઃખ થયું, તે જ રીતે માતા સીતાએ તેમના જીવનસાથીથી અલગ થવાનું દુઃખ થશે. માતા સીતાની ઉત્પત્તિને લઈને ઘણી માન્યતાઓ અને કથાઓ પ્રચલિત છે. મહર્ષિ વાલ્મીકિ દ્વારા લખાયેલ રામાયણ મુજબ, એક સમયે રાજા જનક ખેતર ખેડતા હતા. તે દરમિયાન તેમની નજર એક યુવતી પર પડી. જે બાદ તેઓ આ બાળકીને પોતાના ઘરે લાવ્યા અને તેને ઉછેરી. હળના આગળના ભાગને 'સીતા' કહેવામાં આવે છે અને ખેતર ખેડતી વખતે રાજા જનકને પુત્રી પ્રાપ્ત થઈ હતી.

# વિદેશમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાને લઈને ભારે ધૂમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને હવે ગણતરીના કલાકો જ બાકી છે. અયોધ્યાના માર્ગો ભક્તોના જય શ્રી રામના નારાથી ગુંજી ઉઠ્યા હતા. આજના કાર્યક્રમમાં ભાગ લેવા માટે મોટી હસ્તીઓના આગમનની પ્રક્રિયા રવિવારથી શરૂ થઈ ગઈ છે. અયોધ્યામાં આધ્યાત્મિક ગુરુઓ, અભિનેતાઓ, રાજકારણીઓ સહિત ઘણા ભક્તો એકઠા થયા છે. આ સાથે રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠાને લઈને વિશ્વભરના મંદિરોમાં વિશેષ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. અમેરિકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ સહિત ઘણા દેશોમાં લોકો સુંદરકાંડ અને રામચરિત માનસનો પાઠ કરી રહ્યા છે.

અયોધ્યામાં રામ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ પહેલા રવિવારે ન્યૂયોર્કના ટાઈમ્સ સ્ક્વેરમાં 'ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ રામ મંદિર'ના સભ્યોએ લાડુનું વિતરણ કર્યું હતું. સંસ્થાના સંકળાયેલા સભ્ય પ્રેમ ભંડારીએ જણાવ્યું કે અમેરિકામાં પણ લોકો ખૂબ જ ઉત્સાહિત છે. લોકો આ દિવસને ધામધૂમથી ઉજવણી કરી રહ્યા છે.

### રામ મંદિર નિર્માણ માટે દાતાઓની યાદી ઘણી લાંબી છે

# ગુજરાતીએ રામમંદિરમાં ૧૦૧ કિલો સોનું આપ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

રામ લલ્લા આજે એટલે કે ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં બિરાજશે. રામ મંદિરના ગર્ભગૃહમાં આજે બપોરે રામલલાનો અભિષેક થશે. અયોધ્યા રામ મંદિરને સંપૂર્ણ રીતે શણગારવામાં આવ્યું છે અને ફૂલો અને રોશનીથી પ્રકાશિત કરવામાં આવ્યું છે. રામ મંદિરનું નિર્માણ સંપૂર્ણ રીતે રામભક્તોએ આપેલા દાનથી થયું છે. રામ મંદિરના નિર્માણ માટે કોઈપણ સરકારે એક પૈસો પણ ફાળો આપ્યો નથી. આ મંદિર સંપૂર્ણ રીતે ભક્તોના પૈસા પર બનેલું છે. રામ મંદિર નિર્માણ માટે દાતાઓની યાદી ઘણી લાંબી છે. પરંતુ એક વ્યક્તિ એવી છે જેણે દાનના મામલામાં અમીર લોકોને પાછળ છોડી દીધા છે. તો ચાલો જાણીએ રામ મંદિર માટે કોણે સૌથી વધુ દાન આપ્યું છે? ખરેખર, સુરતના હીરા વેપારી લાઠી પરિવારે અયોધ્યાના શ્રી રામ જન્મભૂમિ મંદિર માટે ૧૦૧ કિલો સોનું દાન કર્યું છે. સુરતના સૌથી મોટા હીરાના વેપારીઓમાંના એક દિલીપ કુમાર વી. લાઠીના પરિવારે ૧૦૧ કિલો સોનું દાનમાં આપ્યું છે, જેનો ઉપયોગ અયોધ્યા રામ મંદિરના દરવાજાને સોનાથી કોટ કરવા માટે કરવામાં આવશે. આ દાન રામ મંદિર ટ્રસ્ટને અત્યાર સુધીનું સૌથી મોટું દાન છે. આ ૧૦૧ કિલો સોનાનો ઉપયોગ રામ મંદિરના દરવાજા, ગર્ભગૃહ, ત્રિશૂળ, ડમરુ અને સ્તંભોને પોલિશ કરવા માટે કરવામાં આવ્યો છે. ગર્ભગૃહના પ્રવેશદ્વારની સાથે મંદિરના ભોંયતળિયે ૧૪ સુવર્ણ દ્વાર સ્થાપિત કરવામાં આવ્યા છે. અત્યારે સોનાની કિંમત ૬૮ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની આસપાસ છે. જો આ રીતે જોવામાં આવે તો એક કિલો સોનાની કિંમત લગભગ ૬૮ લાખ રૂપિયા હતી અને ૧૦૧ કિલો સોનાની કુલ કિંમત અંદાજે ૬૮ કરોડ રૂપિયા થાય.

**વિશેષ** — સેનેટરી ઇન્સ્પેક્ટર પૂજાબેન દ્વારા વિશેષ રંગોળી તેમજ રામ ભગવાનના ફોટા સહિતના ધ્વજ સાથે સમગ્ર સિવિલ હોસ્પિટલને શણગારવામાં આવી

# 'જય શ્રી રામ'ના જયઘોષ સાથે રામમય બની સુરતની નવી સિવિલ હોસ્પિટલ: રંગોળી, મહાઆરતી અને ભવ્ય રેલી દ્વારા રામોત્સવની ઉજવણી કરવામાં આવી

। (માહિતી) સુરત ।

ભગવાન રામ જન્મભૂમિ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાના પાવન પર્વે રામમય બનેલા સમગ્ર સુરત શહેરની સાથોસાથ શ્રી રામના જયઘોષ સાથે સુરતની નવી સિવિલ હોસ્પિટલખાતેરામમંદિરપ્રાણપ્રતિષ્ઠાનીભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સેનેટરી ઈન્સ્પેક્ટર પૂજાબેન દ્વારા વિશેષ રંગોળી તેમજ રામ ભગવાનના ફોટા સહિતના ધ્વજ સાથે સમગ્ર સિવિલ હોસ્પિટલને શણગારવામાં આવી હતી. સાથે જ નર્સિંગ એસોસિયેશના ઈકબાલ કડીવાલાના માર્ગદર્શન હેઠળ સમગ્ર નર્સિંગ સ્ટાફે ભેગા મળી ભક્તિગીતોના સુરે રેલી અને મહાઆરતી કરી હતી. અને સમગ્ર સિવિલ પ્રાંગણમાં મિઠાઈનું વિતરણ કર્યું હતું. તેમજ પ્રભુ શ્રી રામની અયોધ્યા વાપસીની ઐતિહાસિક ક્ષણને વધાવવા સિવિલના દરેક વોર્ડમાં દિવડા પ્રગટાવી આરતી કરી હતી.

આ પ્રસંગે આર.એમ.ઓ. ડૉ.કેતન નાયક, ઈ.તબીબી અધ્યક્ષ ડૉ. ધારિત્રી પરમાર, ટી.બી વિભાગના વદ અને સેનેટ સદસ્ય પારૂલ વડગામા, નર્સિંગ સુપ્રિ. સેવંતીની ગાઉડે અને વાસંતી નાયર, નર્સિંગ એસો.ના પૂર્વ સેક્રેટરી કિરણભાઈ દોમડિયા, ડૉ.લક્ષ્મણ તહેલાની, નિલેશ લાઠીયા, અભિભોર ચુગ, જગદીશ બુહા, વિરેન પટેલ સહિત મોટી સંખ્યામાં હોસ્પિટલના કર્મચારીઓ હાજર રહ્યા હતા.









**ન્યૂઝ બ્રિફ**

## પાદરાના ભોજ ગામે રામજીની શોભાયાત્રામાં પથ્થરમારો

। (એજન્સી) પાદરા, તા.૨૨ ।

અયોધ્યામાં ભગવાન શ્રીરામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવતા દેશભરમાં રામમય માહોલ બની ગયો છે. વિવિધ વિસ્તારોમાં રામ મંદિર મહોત્સવની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી રહી છે. દીવડાઓ પ્રગટાવી, રંગોળી પૂરીને તો ક્યાંક શોભાયાત્રા યોજીને ભક્તિરસ સાથે રામભક્તોમાં ઉત્સાહનુ વાતાવરણ છવાયું છે. આ બધાની વચ્ચે ક્યાંક અસામાજિક તત્વોનો આતંક પણ સામે આવ્યો છે. વડોદરાના પાદરા તાલુકાના ભોજ ગામે રામજીની શોભાયાત્રામાં પથ્થરમારો થયો હતો. વડોદરાના પાદરા તાલુકાના ભોજ ગામે રામજીની શોભાયાત્રા નીકળી હતી, તે દરમિયાન બે જૂથ વચ્ચે બબાલ થઈ હતી. જે બાદ રામયાત્રા પર પથ્થરમારો થતાં વાતાવરણ તંગ બન્યો હતો. જે પથ્થરમારામાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત પણ થયા હતાં. સમગ્ર બાબતની જાણ પોલીસને થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી તેમજ પરિસ્થિત પર કાબૂ મેળવ્યો હતો.

## તીથલના દરિયાકિનારે ૫૧,૧૧૧ દીવા પ્રગટાવી દિવાળી જેવી ઉજવણી કરાઈ

। (એજન્સી) વલસાડ, તા.૨૨ ।

સમગ્ર વિશ્વ ભરના કરોડો સનાતનીઓની નજર તેના પર મંડાયેલી છે. આ પળના સાક્ષી બનવા લોકો ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં સહુ કોઈ પોતપોતાની રીતે રામના વધામણાને યાદગાર બનાવવા માટે અનોખા આયોજન કરી રહ્યા છે. કોઈ પોતાની કલા દ્વારા રામભક્તિ પ્રદર્શિત કરી રહ્યુ છે તો કોઈ વિશાળ શોભાયાત્રામાં જોડાઈને રામના રંગમાં રંગાઈ રહ્યા છે તો કોઈ યજ્ઞના યજમાન બનીને રામભક્તિ કરી રહ્યા છે. આ અવસરે વલસાડના તિથલ દરિયા કિનારે પણ દિવાળીની જેમ ભવ્ય ઉજવણી કરવામાં આવી. અહીં ૫૧ હજાર ૧૧૧ દીવડા પ્રગટાવવામાં આવ્યા. સાથે શ્રી રામના નામે વિશાળ રંગોળી પણ બનાવાઈ અને ભવ્ય શ્રી રામની પ્રતિમાનું પૂજન કરાયું.



અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના ઉદ્‌ઘાટન અને અભિષેક સમારોહ કરવામાં આવ્યું ત્યારે અમદાવાદમાં સ્વામીનારાયણ મંદિરની અંદર ભક્તો દ્વારા રામ મંદિરની રંગોળી કરવામાં આવી હતી.

### રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠાની અનોખી ઉજવણી

## સ્વામીનારાયમણ વિશ્વમમંગલ સંસ્થા દ્વારા ૧૦ દિવસ સુધી મફત ઓપરેશન

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠાની ઉજવણી સમગ્ર વિશ્વમાં થઈ રહી છે. ત્યારે કલોલની સ્વામીનારાયમણ વિશ્વમમંગલ સંસ્થા દ્વારા લોકોના દર્દને દૂર કરવા ૧૦ દિવસ સુધી તમામ પ્રકારની સારવાર મફત આપવામાં આવશે. જે ઓપરેશનના હજારો રૂપિયા થાય છે, મોટાભાગના તે ઓપરેશન અહિં મફત કરી આપવામાં આવશે. ૧૦ દિવસ સુધી નિષ્ણાત તબીબો ખડેપગે રહેશે એટલું જ નહીં લાખોની રકમ આ સંસ્થાએ દર્દીઓની સારવાર માટે ફાળવી છે. શ્રીરામ મંદિર પ્રાણપ્રતિષ્ઠાની પાવન અવસરે સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુલ કલોલ સંસ્થા દ્વારા સંચાલિક પી.એસ.એમ મલ્ટી સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલ અને સ્વામીનારાયમ મેડિકલ કોલેજ દ્વારા એક અનુકરણીય પહેલ કરવામાં આવી છે.



જમાલપુર જગન્નાથ મંદિરમાં ભારે આતશબાજી કરવામાં આવી હતી.





અયોધ્યામાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવી હતી. ગાંધી રોડ પર બાલા હનુમાન મંદિર પાસે ભક્તોને પ્રસાદ વિતરણ કરાયું હતું

### અવધમાં તારા આગમન પર દરગાહમાં પણ દીવા પ્રગટ્યા

## શાહ-એ-આલમ દરગાહે ૧૦૧ દીવા પ્રગટાવીને ઉજવણી કરી

### મુસ્લિમ બિરાદરોએ દરગાહ પર દીપ પ્રગટાવીને રામલલ્લાને આવકાર્યા હતા ત્યારે આ ક્ષણ અદભૂત બની હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

કરોડો હિન્દુઓનું સપનું આજે સાકાર થયું છે. આ સંસાર અયોધ્યામાં રામ પ્રાણ પ્રતિષ્ઠાની પાવન ક્ષણનો સાક્ષી બન્યો છે. અતિ ભવ્ય, અતિ દિવ્ય, અતિ સુંદર રામ મંદિર અયોધ્યામાં આજે ખુલ્લુ મૂકાયું છે. ૫૦૦ વર્ષની પ્રતિક્ષા બાદ ભક્તોની ઈચ્છા આખરે પૂરી થઈ છે. ઐતિહાસિક ક્ષણનો સાક્ષી બની સમગ્ર ભારતવર્ષ રોમાંચિત થયું છે. દેશમાં આજે ખરેખર બીજી દિવાળીનો દિવસ બન્યો છે.ઁસ નરેન્દ્ર મોદીએ અયોધ્યા રામ મંદિરમાં રામલલ્લાની આંખેથી પટ્ટી ખોલી, હાથમાં કમળ લઈને પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. આ ક્ષણ આખા દેશ માટે ગર્વની બની હતી. ત્યારે રામલલ્લાના આગમન પર ન જાણે કેટલાય રેકોર્ડ બન્યા અને કેટલા તૂટ્યા. રામલલ્લાના આગમન પર દરગાહમાં પણ દીપ પ્રગટ્યા છે.

અમદાવાદમાં આવેલી શાહ-એ-આલમ દરગાહે દરગાહ પર ૧૦૧ માટીના દીવા પ્રગટાવીને રામ મંદિરના અભિષેકની ઉજવણી કરવામાં આવી. મુસ્લિમ બિરાદરોએ દરગાહ પર દીપ પ્રગટાવીને રામલલ્લાને આવકાર્યા હતા. ત્યારે આ ક્ષણ અદભૂત બની હતી. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને મુસ્લિમ બિરાદરોએ બિરદાવ્યો છે. આ ખુશી વ્યક્ત કરવા દરગાહમાં દીવા પ્રગટાવી ઉજવણી કરવામાં આવી હતી.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨